પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૨૪૦ • કુલ પાના : ૪ • તારીખ : ૦૨-૦૬-૨૦૨૩ શુક્રવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ભારત અને નેપાળ વચ્ચે પ્રસ્તાવિત રામાયણ સર્કિટ પર કામ ઝડપી કરવામાં આવશે : નેપાળના વડાપ્રધાન પ્રચંડ

### નેપાળના પીએમ પ્રચંડે હૈદરાબાદ હાઉસમાં વડાપ્રધાન મોદી સાથે દ્વિપક્ષીય બેઠક કરી હતી.

નવીદિલ્હી,

ભારત અને નેપાળ વચ્ચે પ્રસ્તાવિત રામાયણ સર્કિટ પર કામ ઝડપી કરવામાં આવશે. ભારત પહોંચેલા નેપાળના વડાપ્રધાન પુષ્પ કમલ દહલ પ્રચંડ અને પીએમ મોદીની મુલાકાત બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. વાતચીત બાદ પીએમ મોદીએ કહ્યું- બંને દેશો વચ્ચે રામાયણ સર્કિટનું કામ ઝડપથી પૂર્ણ કરવામાં આવશે.



વડાપ્રધાન મોદીએ કહ્યું- મેં અને પીએમ પ્રચંડે નેપાળ-ભારતની ભાગીદારીને હિટથી સુપરહિટ બનાવવા માટે ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લીધા છે. આ સિવાય બંને નેતાઓએ ભારત અને નેપાળ વચ્ચે નેબરહુડ ફર્સ્ટ પોલિસી પર પણ ચર્ચા કરી હતી. આ દરમિયાન હાઈડ્રો પાવર ડેવલપમેન્ટ, એગ્રીકલ્ચર અને કનેક્ટિવિટી જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

નેપાળના પીએમ પ્રચંડે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું- મેં મોદીજી સાથે સરહદ વિવાદ પર ચર્ચા કરી હતી. હું તેમને અપીલ કરું છું કે આ મામલો દ્વિપક્ષીય વાતચીત દ્વારા ઉકેલવો જોઈએ. આ સાથે જ પીએમ પ્રચંડે વડાપ્રધાન મોદીને નેપાળ આવવાનું આમંત્રણ આપ્યું હતું. હૈદરાબાદ હાઉસમાં બંને નેતાઓ વચ્ચે મુલાકાત થઈ હતી.મેં ૨૦૧૪માં નેપાળની મારી પ્રથમ મુલાકાત લીધી હતી. ત્યારે મેં એચઆઈટી એટલે કે હિટ ફોર્મ્યુલા આપી હતી. જેમાં હાઈવે, આઈ-વે અને ટ્રાન્સ-વેનો સમાવેશ થાય છે. મેં કહ્યું હતું કે આપણી સરહદો બંને દેશોના સંબંધોમાં અવરોધ ન બનવી જોઈએ. આજે હું કહી શકું છું કે અમારો સંબંધ હિટ છે. નેપાળના લોકો માટે નવા રેલ રૂટ શરૂ કરવામાં આવશે. આ સિવાય ત્યાં રેલ્વે કર્મચારીઓને પણ ટ્રેનિંગ આપવામાં આવશે.

આ પહેલા ગુરુવારે પીએમ પ્રચંડ રાજઘાટ પહોંચ્યા અને મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી. પીએમ પ્રચંડના માનમાં હૈદરાબાદ હાઉસમાં વિશેષ લંચનું પણ આયોજન કરવામાં આવ્યું છે. પ્રચંડ બપોર પછી રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરને પણ મળશે. નેપાળના વડાપ્રધાન તરીકે પ્રચંડની આ ચોથી ભારત મુલાકાત છે. તે બુધવારે બપોરે ૩ વાગ્યાની આસપાસ ભારત પહોંચ્યો હતો. ભારતના સાંસ્કૃતિક રાજ્ય મંત્રી મીનાક્ષી લેખીએ તેમનું સ્વાગત કર્યું હતું. પ્રચંડ નવી દિલ્હીમાં નેપાળ-ભારત બિઝનેસ સમિટને પણ સંબોધિત કરશે. તેઓ ભારતમાં હાજર નેપાળી સમુદાયના લોકોને પણ મળશે.

આ પછી, ૩ જૂને, તેઓ એક કાર્યક્રમ માટે ઈન્દોર જશે. આ પછી નેપાળી પીએમ મહાકાળીની નગરી ઉજ્જૈનની મુલાકાત લે તેવી પણ શક્યતા છે. નેપાળના પીએમ અગાઉ મે મહિનામાં ભારતની મુલાકાતે આવવાના હતા પરંતુ મંત્રીમંડળના વિસ્તરણને કારણે આ મુલાકાત મુલતવી રાખવામાં આવી હતી. નેપાળમાં એવી પરંપરા છે કે જે પણ નેતા તે દેશનો વડાપ્રધાન બને છે તે તેના વિદેશ પ્રવાસની શરૂઆત ભારતથી જ કરે છે. જો કે, ૨૦૦૮માં રાજાશાહીના અંત પછી જ્યારે પ્રચંડ પીએમ બન્યા ત્યારે તેઓ ચીન પહોંચનારા પ્રથમ વ્યક્તિ હતા. ગયા વર્ષે ડિસેમ્બરમાં પુષ્પ કમલ દહલ પ્રચંડ ત્રીજી વખત નેપાળના વડાપ્રધાન બન્યા હતા. આ પહેલા તેઓ ૨૦૦૮ થી ૨૦૦૯ અને બીજી વખત ૨૦૧૬ થી ૨૦૧૭ સુધી વડાપ્રધાન બન્યા છે.

પ્રચંડને ચીનની નજીક માનવામાં આવે છે. તેણે ઘણી વખત ભારત વિરોધી નિવેદનો પણ આપ્યા છે. હકીકતમાં, પ્રચંડને ૨૦૦૯માં પીએમ પદ પરથી રાજીનામું આપવું પડ્યું હતું, જેનું કારણ તેઓ ભારતને માને છે. પ્રચંડે નેપાળના આર્મી ચીફ રૂકમંગદ કટવાલને પદ પરથી હટાવ્યા હતા, ભારત તેની વિરુદ્ધ હતું. ભારતની મડાગાંઠ વચ્ચે તેમણે રાજીનામું આપવું પડ્યું હતું.

આ પછી ચીન સાથે તેની નિકટતા વધવા લાગી. રાજીનામા બાદ તેઓ ઘણી વખત ચીનના ખાનગી પ્રવાસે ગયા હતા. પ્રચંડે કહ્યું હતું કે ભારત અને નેપાળ વચ્ચે જે પણ સમજૂતીઓ થઈ છે, તેને ખતમ કરી દેવી જોઈએ. ૨૦૧૬-૨૦૧૭માં પણ પ્રચંડ સરકારના પ્રભારી હતા. આ દરમિયાન તેણે કહ્યું હતું કે નેપાળ હવે ભારત જે કહે છે તે કરશે નહીં. ગયા વર્ષે ઑક્ટોબરમાં નેપાળ સરકારે બંને દેશોની સરહદ નજીક ભારતમાં બની રહેલા રોડને પહોળો કરવા સામે વાંધો ઉઠાવ્યો હતો. આ રોડ બિહારના સીતામઢી શહેરના ઘણા વિસ્તારોને નેપાળ બોર્ડર પર ભીથથામોડ અને જનકપુર સાથે જોડે છે. આ પહેલા નેપાળે ઉત્તરાખંડના લિપુલેખમાં ભારતના રસ્તાને લંબાવવાની જાહેરાતને લઈને ભારતને ચેતવણી આપી હતી અને તેને તાત્કાલિક રોકવા માટે કહ્યું હતું. નેપાળે ઉત્તરાખંડના લિપુલેખને પોતાનો વિસ્તાર જાહેર કર્યો છે.

ડિસેમ્બર ૧૮૧૫ માં, બ્રિટિશ ભારત અને નેપાળ વચ્ચે એક સંધિ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જે સુગૌલી સંધિ તરીકે ઓળખાય છે. આ સંધિ પર ડિસેમ્બર ૧૮૧૫ માં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, પરંતુ આ સંધિ ૪ માર્ચ ૧૮૧૬ થી અમલમાં આવી હતી. તે સમયે ભારત અંગ્રેજોના કબજામાં હતું. આ સંધિ પર ઈસ્ટ ઈન્ડિયા કંપની વતી લેફ્ટનન્ટ કર્નલ પેરિસ બ્રેડશો અને નેપાળ વતી રાજગુરુ ગજરાજ મિશ્રાએ હસ્તાક્ષર કર્યા હતા.

## ગુજરાતમાં ચાલતાં શિક્ષણ બોર્ડ અંતર્ગત આવતી શાળાઓમાં ઈન્ટર્નલ માર્કસના કૌભાંડ

અમદાવાદ,

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા વિભાગના કોકન્વીનર અને પ્રવક્તા હેમાંગ રાવલે રાજીવ ગાંધી ભવન અમદાવાદ ખાતે પત્રકાર વાર્તા સંબોધતા ગુજરાતમાં ચાલતાં શિક્ષણ બોર્ડ અંતર્ગત આવતી શાળાઓના ઈન્ટર્નલ માર્કના કૌભાંડને ઉજાગર કર્યું હતું.

હેમાંગ રાવલે જણાવ્યું હતું કે ગુજરાતમાં ધોરણ ૧૦, ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહનું રિઝલ્ટ સતત કથળતું જાય છે અને સરકાર દ્વારા તેમજ બોર્ડ દ્વારા સુધારા માટે કોઈ જ પ્રયત્નો કરવામાં આવતા નથી. ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ની પરીક્ષા લેવાય છે. આ પરીક્ષામાં ટોટલ ૧૦૦ માર્કસ હોય છે પરંતુ થીયરી ૮૦ માર્કની હોય છે અને ૨૦ માર્ક શાળાના આંતરિક ગુણ હોય છે અને આ ૨૦ ઈન્ટર્નલ માર્કસ શાળાઓ દ્વારા મનમાની રીતે અપાઈ રહ્યા છે હકીકતમાં તો આ ઈન્ટર્નલ માર્ક આપવા માટે શાળાની પ્રથમ કસોટી પ્રિલિમનરી કસોટી અને પાંચ યુનિટ ટેસ્ટ તથા વિદ્યાર્થીના હોમવર્ક તેમજ કોઈ એક્સ્ટ્રા ઓર્ડિનરી કાર્ય કર્યું હોય તેને ધ્યાનમાં રાખીને આપવાના હોય છે પરંતુ શાળાઓએ પોતાની મનમાની રીતે આવા માર્ક્સ આપેલા છે.

ગુજરાતના દસ લાખ વિદ્યાર્થીઓનું પરિણામ ઓનલાઈન દર્શાવાઈ રહ્યું છે આ વિદ્યાર્થીઓના રેન્ડમલી નંબર ચેક કરતા લગભગ ૧૦૦ એ ૫૦ વિદ્યાર્થીઓને આવા માર્ક આપવામાં શાળાઓએ કૌભાંડ કર્યું છે અને ખાસ કરીને આવા પ્રકારના માર્ક સેલ્ફ ફાઈનાન્સ સ્કુલે વધારે પ્રમાણે આપ્યા છે આવી માર્કશીટ તો ચેક કરતા એક્સ્ટર્નલ ૮૦ માર્ક્સમાંથી વિદ્યાર્થીને બે કે ચાર માર્ક્સ આવેલા હોય પરંતુ ઈન્ટર્નલ ૨૦ માંથી ૨૦ માર્ક્સ આપેલ છે.

આનાથી વિપરીત સારા - હોશિયાર વિદ્યાર્થીઓને ૮૦ માંથી ૮૦ માર્ક્સ ઈન્ટર્નલમાં આવેલા હોય પરંતુ એક્સ્ટર્નલમાં ૧૦ અને ૧૨ એવા માર્ક્સ આપેલા હોય છે આવી જ રીતે જ્યાં જ્યાં શાળાએ માર્ક્સ આપવાના હોય ત્યાં ખૂબ જ ગેરનીતિ નજરે પડેલી છે ધોરણ ૧૨ કોમ્પ્યુટર પી. ટી. જેવા પ્રેક્ટીકલમાં પણ આ જ પ્રમાણે આડેધડ માર્ક્સ આપવામાં આવ્યા છે. ઉપરોક્ત માર્ક આપવાનું કારણ માત્ર અને માત્ર શાળામાં આવતા વિદ્યાર્થીઓને ટ્યુશનનું દબાણ તથા શાળાનું રીઝલ્ટ ઊંચું બતાવવાનું હોઈ શકે.

ભૂતકાળમાં આનંદીબેન મુખ્યમંત્રી હતા ત્યારે પીટીસીમાં ઈન્ટર્નલ માર્ક આપવાનું કૌભાંડ બહાર આવ્યું હતું અને ઈન્ટર્નલ માર્ક આપવાના બહાને વિદ્યાર્થીની ઉપર બળાત્કાર કરવામાં આવ્યો હતો અને ખૂબ જ ઊહાપો થયા બાદ પીટીસીમાં આંતરિક ગુણ રદ કરવામાં આવ્યા હતા.

પ્રદેશ કોંગ્રેસ સરકાર પાસે અને શિક્ષણમંત્રી પાસે માંગણી કરે છે કે સૌપ્રથમ તો ધોરણ ૧૦માં ઈન્ટર્નલ માર્કની પ્રથા બંધ કરીને ભ્રષ્ટાચાર અને કૌભાંડ તથા ટ્યુશનના દબાણને અટકાવવું જોઈએ સાથે સાથે આ વર્ષે દરેક શાળાએ જે ઈન્ટર્નલ માર્ક આપેલ છે તે બોર્ડની ગુણાંક પદ્ધતિ એસેસમેન્ટ મુજબ આપેલ છે કે નહીં તેના માટે તપાસ થવી જોઈએ.

## ફરીવાર કેદારનાથ યાત્રાના રજીસ્ટ્રેશન પર પ્રતિબંધ મુકાયો

કેદારનાથ,

કેદારનાથ યાત્રાના રજીસ્ટ્રેશન પર ફરીવાર પ્રતિબંધ મૂકાયો હોવાનું સામે આવ્યું છે. વાત જાણે એમ છે કે, ઉત્તરાખંડ હવામાન વિભાગે ૨ જૂન સુધી ઓરેન્જ વેધર એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે, વીજળીના ચમકારા સાથે ૬૦ થી ૭૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ભારે વરસાદ, કરા અને વાવાઝોડાની સંભાવના છે. દરેક વ્યક્તિ સતર્ક રહે. જેને લઈ હવે ઉત્તરાખંડ સરકારે પ્રતિકૂળ હવામાન અને શ્રદ્ધાળુઓની સંખ્યામાં વધારાને કારણે કેદારનાથ ધામ યાત્રા માટે ઓનલાઈન નવી નોંધણી પરનો પ્રતિબંધ ૧૫ જૂન સુધી લંબાવ્યો છે. હવે યાત્રાળુઓ ૧૬ જૂન પછી જ યાત્રા માટે પોતાનું રજીસ્ટ્રેશન કરાવી શકશે.



ઉત્તરાખંડમાં વરસાદ અને કરા સાથે જૂન મહિનો શરૂ થઈ રહ્યો છે. ૨ દિવસથી સતત વરસાદ અને કરા પડતાં તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. વરસાદના કારણે જ્યાં પહાડી જિલ્લાઓમાં વાતાવરણમાં ઠંડકનો અહેસાસ જોવા મળી રહ્યો છે, ત્યારે માત્ર મેદાની જિલ્લાઓમાં જ ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. ગરમીના મહિનામાં વરસાદને કારણે વાતાવરણ ખુશનુમા રહ્યું છે અને પ્રવાસીઓ ઉત્તરાખંડનું આ હવામાન ખૂબ જ પસંદ કરી રહ્યા છે. ચારધામ યાત્રા પર આવતા યાત્રિકોની સાથે પ્રવાસીઓ પણ મોટી સંખ્યામાં ઉત્તરાખંડ પહોંચવા લાગ્યા છે. વરસાદના કારણે પ્રવાસીઓ અને યાત્રાળુઓને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હોવા છતાં મે-જૂન મહિનામાં ઠંડકનો આનંદ માણવા પ્રવાસીઓ અહીં ઉમટી રહ્યા છે. કેદારનાથ ધામમાં સતત વરસાદને કારણે શ્રદ્ધાળુઓને ધામ સુધી પહોંચવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં ૬૦ થી ૭૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે વીજળીના કડાકા, ભારે વરસાદ, કરા અને વાવાઝોડાની સંભાવના છે. જ્યારે ૨ જૂનના રોજ વીજળીના ચમકારા, જોરદાર વરસાદ અને કરા અને કેટલાક સ્થળોએ ગાજવીજ સાથે ભારે પવન ફૂંકાવાની શક્યતા છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર મે મહિનામાં પડેલા વરસાદે ઉત્તરાખંડમાં એપ્રિલનો રેકોર્ડ તોડી નાખ્યો છે. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે પહાડી વિસ્તારોમાં જે રીતે વરસાદ થઈ રહ્યો છે તે પ્રમાણે લોકોને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. તેમણે કહ્યું કે લોકોએ ખૂબ જ સાવચેત રહેવાની જરૂર છે.

આ તરફ અવિરત વરસાદ અને યાત્રા રૂટ પર આવતા કાટમાળને કારણે યમુનોત્રી ધામ યાત્રા માટે નવા રજીસ્ટ્રેશન પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે, પરંતુ તેમ છતાં લોકો એક યા બીજી રીતે ધામના દર્શન કરવા માંગતા જોવા મળે છે. યમુનોત્રી રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિવિધ સ્થળોએ ભૂસ્ખલનને કારણે વાહનવ્યવહાર માટે અવરોધિત રહ્યો હતો જ્યારે કેદારનાથ અને બદ્રીનાથ હાઈવે પર મોડી સાંજ સુધી વરસાદ ચાલુ રહ્યો હતો.

આ તરફ મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ ચાર ધામ યાત્રા પર આવતા યાત્રિકોને અપીલ કરી છે કે તેઓ હવામાનની સંપૂર્ણ માહિતી મેળવીને જ પોતાની યાત્રા શરૂ કરે. ચાર ધામ યાત્રા વચ્ચે-વચ્ચે પડી રહેલો વરસાદ અને હિમવર્ષા તેમના માટે મુશ્કેલી ઉભી કરી રહી છે. ઉત્તરકાશીના એસપી અર્પણ યદુવંશીનું કહેવું છે કે, જિલ્લામાં મોડી રાતથી ભારે વરસાદ પડી રહ્યો છે. વરસાદના કારણે ગંગોત્રી અને યમુનોત્રી નેશનલ હાઈવે પર ધરસુ બેન્ડ, બંદર કોટ વગેરે સ્થળોએ ભૂસ્ખલન થયું છ. આ સાથે પહાડોમાંથી પથ્થરો અને કાટમાળ રસ્તા પર પડ્યા છે, જે મુસાફરો માટે મોટી સમસ્યા સર્જી શકે છે.

## રાજકોટની સ્માઈલ હોલીડે દ્વારા ઠગાઈ : દુબઈ ટૂરના બહાને ૮.૯૩ લાખ લઈ બોગસ ઈ-વિઝા તથા ટિકિટ આપી છેતરપિંડી

વડોદરા,

દુબઈ હોલીડે પેકેજ વ્યક્તિ દીઠ રૂ. ૮૧,૨૦૦ની જાહેર ખબર થકી વડોદરાની ૧૧ જેટલી વ્યક્તિઓ પાસેથી ૮.૯૩ લાખની રકમ લઈ બોગસ ઈ વિઝા તથા ગ્રુપ ટિકિટ આપી ૭.૪૩ લાખની છેતરપિંડી આચરનાર રાજકોટ ખાતેની સ્માઈલ હોલીડેસના સંચાલક દંપતી વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે. વાઘોડિયા રોડ ખાતે રહેતા રાજેશકુમાર શેલત સરદાર સરોવર નર્મદા નિગમમાં સુપ્રીટેન્ડેન્ટ તરીકે નિવૃત્ત થયા છે. તેમણે ફરિયાદમાં કહ્યું છે કે, જાહેર ખબરમાં દુબઈ ફરવા જવા માટે રૂ.૮૧,૨૦૦ નું પેકેજ હતું. જેથી હુએ જેતલપુર રોડ ઉપર સ્થિત પવન કોમ્પ્લેક્ષ ખાતેની સ્માઈલ હોલિડેઝ ઓફિસનો સંપર્ક સાંધ્યો હતો. જ્યાં શિવાની નામની મહિલા કર્મચારીએ મને કહ્યું હતું કે, અમારી હેડ ઓફિસ રાજકોટ કાલાવાડરોડ ખાતે આવેલ છે. જેના માલિક દીપ તન્ના છે. ત્યારબાદ તેમણે ભાઈ, બહેન, બનેવી સહિતની વ્યક્તિઓના પેકેજ માટે રકમ જમા કરાવી હતી. અને અમદાવાદથી શારજહાની ટિકિટ તથા વિઝા લેટર શિવાનીએ આપ્યા હતા. જ્યારે દીપ તન્નાએ કહ્યું હતું કે, અમે બુકિંગ કરાવેલ ટિકિટ ઓનલાઈન નહીં દેખાય એરપોર્ટ ઉપર ટિકિટ આપશો એટલે બોડીગ પાસ મળી જશે. ત્યારબાદ દીપ તન્નાએ મેસેજ કરી એર અરેબિયા એરલાઈન્સએ ટિકિટો કેન્સલ કરી છે અમે ફરી વખત સેટ કરી આપીશું તેવું જણાવ્યું હતું. જો કે દરમ્યાન અમારે સામાજિક પ્રસંગ હોય નાણા પરત માંગ્યા હતા. જેથી દીપ તન્ના તથા તેના પત્ની રિદ્ધિ તન્નાએ રાજકોટ ખાતે બોલાવી ચેક આપ્યા હતા. ચેક ચેક બેંકમાં ડિપોઝિટ કરતા રિટર્ન થયા હતા. ત્યારબાદ દોઢ લાખની રકમ પરત કરી હતી.

## આસારામ વિરુદ્ધના દુષ્કર્મનો કેસ, ટ્રાયલ કોર્ટે નિર્દોષ છુટેલા છ આરોપી સામે સરકાર હાઈકોર્ટમાં અપીલ કરશે

ગાંધીનગર,

આસારામ વિરુદ્ધના દુષ્કર્મનો કેસમાં રાજ્ય સરકારના કાયદા વિભાગે મોટો નિર્ણય લીધો છે. કેસમાં ટ્રાયલ કોર્ટે નિર્દોષ છોડેલા છ આરોપી સામે સરકાર હાઈકોર્ટમાં અપીલ કરશે. છ આરોપીને નિર્દોષ છોડવાના હુકમ સામે હાઈકોર્ટમાં અપીલ દાખલ કરાશે. આસારામને જોધપુરમાં થયેલી અને ગાંધીનગરમાં થયેલી સજાને એક સાથે કાપવાના ટ્રાયલ કોર્ટના નિર્ણય સામે પિટિશન કરવાનો પણ કાયદાકીય અભિપ્રાય અપાયો છે. રાજસ્થાન અને ગુજરાતના કેસ અલગ અલગ હોવાથી એક સાથે સજા કાપવાનો નિર્ણય લેવાની ટ્રાયલ કોર્ટને સત્તા નહીં હોવા અંગેનો કાયદાકીય અભિપ્રાય અપાયો છે. સુરતની બે યુવતી પર દુષ્કર્મ કેસમાં ૩૦ જાન્યુઆરીના રોજ આસારામને દોષીત જાહેર કરવામાં આવ્યો હતો. આસારામ સિવાયના અન્ય ૬ આરોપીઓને નિર્દોષ



જાહેર કર્યા હતા. સમગ્ર ઘટનાની વિગતે વાત કરીએ તો સુરતની બે યુવતીઓ પર વર્ષ ૨૦૦૧માં થયેલા દુષ્કર્મ બાદ વર્ષ ૨૦૧૩માં આસારામ વિરુદ્ધ ગુનો નોંધાયો હતો. આ સમગ્ર દુષ્કર્મ કાંડમાં ૬ ઓક્ટોબર ૨૦૧૩ના રોજ આસારામ સહિત અને ૭ આરોપીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.આ સમગ્ર કેસમાં ૬૮ સાક્ષીઓને તપાસ્યા બાદ ચુકાદો જાહેર કરવામાં આવ્યો હતો. આસારામ સિવાય તમામ આરોપીઓને જામીન પર મુક્ત કરવામાં આવ્યા હતા.

## દેશના હિંદુ મંદિરોમાં સ્વચ્છતાનો અભાવ છે : નિતીન ગડકરી

નવીદિલ્હી,

કેન્દ્રિય રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે પ્રધાન નિતીન ગડકરીએ દેશના હિંદુ મંદિરો બાબતે મોટું અને મહત્વનું નિવેદન કર્યું છે. હિંદુ મંદિરોમાં સ્વચ્છતાનું પાલન કરવામાં આવતું નથી, આપણાં મંદિરોમાં સ્વચ્છતાનો અભાવ છે એમ એક કાર્યક્રમમાં બોલતી વખતે નિતીન ગડકરીએ કહ્યું હતું. નિતીન ગડકરી એક કાર્યક્રમમાં વાત કરતાં બોલ્યા કે હિંદુ મંદિરોમાં સ્વચ્છતાનો અભાવ છે. તેમણે કહ્યું કે મને લાગે છે કે આપણો દેશ એવો છે જ્યાં મંદિરોમાં સ્વચ્છતા નથી. જ્યાં સારી ધર્મશાળાઓ નથી.વિદેશમાં જઈએ ત્યારે ત્યાંના ગુરુદ્વારા, મસ્જીદ, ચર્ચનું વાતાવરણ જોઈને મને લાગ્યું કે આપણું પ્રાર્થનાસ્થળ સારું હોવું જોઈએ. મને જ્યારે આ બાબતે કંઈક કરવાની સંધી મળી ત્યારે મેં મહારાષ્ટ્રમાં ૧૨ હજાર કરોડ રુપિયાનો પાલખી માર્ગ બનાવ્યો. એક મીડિયા રિપોર્ટ મુજબ ગડકરીએ કહ્યું કે ઉત્તરાખંડના પિથૌરગઢથી નિકળતા કૈલાસ માનસરોવરના રસ્તાનું ૮૦ થી ૮૫ ટકા કામ પૂરું થઈ ગયું છે. પહેલાં આપડે નેપાળના રસ્તે જવું પડતું કાપમાનને કારણે શ્રદ્ધાંળુઓને આ રસ્તે જવામાં ખૂબ તકલીફ પડતી. ગડકરીએ વધુમાં કહ્યું કે પ્રોજેક્ટમાં થનાર વિલંબ ઓછો કરવા અને બાંધકામનો ખર્ચ ઓછો કરવા માટે ડીપીઆર બનાવવાની ખાસ જરુર છે.

## રાજસ્થાનમાં ૧૦૦ યુનિટ સુધી મફત વીજળી આપવાની અશોક ગેહલોતની જાહેરાત

જયપુર,

રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે રાજ્યના લોકોને ૧૦૦ યુનિટ સુધીની મફત વીજળી આપવાની જાહેરાત કરી છે . આ જાહેરાત આ વર્ષના અંત સુધીમાં યોજાવાની રાજ્યની વિધાનસભાની ચૂંટણીઓને અનુલક્ષીને કરવામાં આવી છે. અશોક ગેહલોતે ટ્વિટર પર જણાવ્યું હતું કે, મોંઘવારીની રાહત શિબિરોનું નિરીક્ષણ કર્યા પછી અને લોકો સાથે વાત કર્યા પછી, એવા પ્રતિભાવો મળ્યા હતા કે વીજળીના બિલમાં સ્લેબ-વાર છૂટમાં થોડો ફેરફાર થવો જોઈએ. મે મહિનામાં વીજળીના બિલમાં ફ્યુઅલ સરચાર્જને લઈને પણ લોકો પાસેથી ફીડબેક મળ્યા હતા, જેના આધારે આ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજસ્થાનના મુખ્યમંત્રીએ જાહેરાત કરી હતી કે જે લોકો દર મહિને ૧૦૦ યુનિટ સુધીની વીજળીનો વપરાશ કરે




છે તેમના માટે વીજળીનું બિલ શૂન્ય રહેશે. ૧૦૦ યુનિટ વીજળી મફતમાં આપવામાં આવશે. બિલ ભલે ગમે તેટલું આવે, પરંતુ તેમને પ્રથમ ૧૦૦ યુનિટ માટે કોઈ ચાર્જ ચૂકવવો પડશે નહીં. તેમણે વધુમાં જાહેરાત કરી હતી કે રાજ્ય સરકાર ૨૦૦ યુનિટ સુધીના વીજ બીલ પર કાયમી ચાર્જ અને ફ્યુઅલ સરચાર્જ માફ કરશે.

## અગનભઠ્ઠીની જેમ તપશે ગુજરાત, અમદાવાદીઓ ખાસ સાચવજો

અમદાવાદ,

બે દિવસથી કમોસમી વરસાદે ગુજરાત અને ખાસ કરીને અમદાવાદ આસપાસમાં ધુઆધાર બેટિંગ કરી. જોકે, બે દિવસની ઠંડક બાદ હવે ભારે અકળામણ અને ઉકળાટનો સામનો કરવો પડશે.



હવામાન વિભાગે કરેલી આગાહી ખાસ કરીને અમદાવાદીઓ માટે ખુબ જ મહત્ત્વની છે. કારણકે હવામાન વિભાગે અમદાવાદમાં યલો એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગે કરેલી આગાહી મુજબ આજે અમદાવાદમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર જઈ શકે છે.છેલ્લાં બે થી ત્રણ દિવસથી અમદાવાદમાં મેઘરાજાએ ધોધમાર બેટિંગ કરી છે. ખાસ કરીને શહેરના કેટલાંક વિસ્તારોમાં તો ચોમાસા જેવા દ્રશ્યો પણ સર્જાયા હતાં. ભારે પવન અને વાવાઝોડા સાથે વરસાદ વરસતા લોકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. એજ કારણ છેકે, અમદાવાદમાં રમાઈ રહેલી આઈપીએલની ફાઈનલ મેચ પણ એક દિવસે મોકૂફ રાખીને રિઝર્વ ડે પર યોજવી પડી હતી. જોકે, વરસાદ બાદ હવે ભારે ઉકળાટ અને બફારો થઈ રહ્યો છે.

હવામાન વિભાગે કરેલી આગાહી મુજબ રાજ્યના કેટલાં વિસ્તારોમાં હજુ પણ કમોસમી વરસાદની સંભાવના છે. તો બીજી તરફ અમદાવાદમાં હવામાન વિભાગે યલો અલર્ટ જાહેર કર્યું છે. આ યલો અલર્ટમાં ગરમીનો પારો સતત વધતો જશે. જેને કારણે અમદાવાદીઓએ કામ વિના બહાર ન નીકળાની પણ તંત્ર દ્વારા સલાહ આપવામાં આવી છે.


હવામાન વિભાગના ડાયરેક્ટર મનોરમા મોહન્તીએ રાજ્યના હવામાન અંગે આગાહી કરતા જણાવ્યુ કે. આગામી ૨૪ કલાક કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ થવાની આગાહી છે. જે બાદ ધીરે ધીરે ગરમીમાં વધારો થઈ શકે છે. દક્ષિણ ગુજરાતનાં વલસાડ, નવસારીના વિસ્તારોમાં સામાન્ય કમોસમી વરસાદની શકયતા છે. આ ઉપરાંત તેમણે વધુમાં જણાવ્યુ કે, અન્ય શહેરોમાં વાદળછાયું વાતાવરણ રહેશે પરંતુ વરસાદ નહીં થાય. પરંતુ ૨૪ કલાક બાદ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો નોંધાશે. જે બાદ બે દિવસ આવું જ વાતાવરણ રહેવાની શક્યતા છે.

સાથો-સાથ એવી પણ આગાહી કરાઈ છેકે, રાજ્યમાં હાલ વાતાવરણમાં રોજ પલટા આવી રહ્યા છે. ત્યારે આજે હવામાન વિભાગે આજે એક આગાહી કરી છે. જેમાં તેમણે જણાવ્યુ છે કે, આગામી ૨૪ કલાક સામાન્ય કમોસમી વરસાદ શક્યતા છે. જે બાદ ગરમીમાં ધીરે ધીરે વધારો થશે. જોકે, રાજ્યમાં હાલ થોડા દિવસ માવઠું કે કરા પડવાની શક્યતા નથી.

## જ્ઞાનવાપી કેસની કોર્ટમાં સુનાવણી થશે, મસ્જિદ કમિટીની માગણી ફગાવી દેવાઈ

વારાણસી,

વારાણસીની જ્ઞાનવાપી મસ્જિદને સંબંધિત એક મુખ્ય કેસમાં મસ્જિદ કમિટીને ગઈ કાલે પછડાટ મળી હતી. અલાહાબાદ હાઈ કોર્ટે ગઈ કાલે લોકલ કોર્ટમાં એક સિવિલ દાવાની ચાલી રહેલી સુનાવણીને બંધ કરી દેવાની માગણી કરતી એક અરજીને ફગાવી દીધી હતી. અદાલતે ચુકાદામાં જણાવ્યું હતું કે વારાણસીમાં જ્ઞાનવાપી મસ્જિદ કૉમ્પ્લેક્સમાં પૂજા કરવાના અધિકારની માગણી કરતી હિન્દુ મહિલા શ્રદ્ધાળુઓના એક ગ્રુપ દ્વારા દાખલ કરવામાં આવેલો દાવો વેલિડ છે. અદાલતે વારાણસીની જિલ્લા અદાલતમાં આ



કેસની સુનાવણી ચાલુ રાખવાની મંજૂરી આપી હતી. આ કેસમાં દાવો કરનારાં લક્ષ્મી દેવી, રેખા પાઠક, સીતા સાહુ અને મંજુ વ્યાસે ઑગસ્ટ ૨૦૨૧માં કેસ દાખલ કર્યો હતો, જેમાં તેમણે જણાવ્યું હતું કે આ મસ્જિદ કૉમ્પ્લેક્સમાં દેવી શ્રૃંગાર ગૌરી અને અન્ય દેવીદેવતાઓની મૂર્તિઓ છે અને તેમણે આ દેવીદેવતાઓની નિયમિત પૂજા કરવાનો અધિકાર માગ્યો હતો. આ પહેલાં સપ્ટેમ્બર ૨૦૨૨માં વારાણસી ડિસ્ટ્રિક્ટ જજ દ્વારા પણ આ કેસમાં સુનાવણી કરવા દેવામાં આવશે એવો ચુકાદો આપવામાં આવ્યો હતો. અંજુમન ઈન્તેઝામિયા મસ્જિદ કમિટી અને ઉત્તર પ્રદેશ સુન્ની વકફ બોર્ડે સપ્ટેમ્બર ૨૦૨૨ના ચુકાદાને ઊથલાવવા માટે હાઈ કોર્ટમાં અરજી કરી હતી. તેમણે એવી દલીલ કરી હતી કે ઉપાસનાનાં સ્થળો કાયદા, ૧૯૯૧ અને કેન્દ્રીય વકફ કાયદા, ૧૯૯૫ હેઠળ આ અરજી સુનાવણી યોગ્ય નથી. અલાહાબાદ હાઈ કોર્ટે દલીલો સાંભળ્યા બાદ ૨૦૨૨ની ૨૩ ડિસેમ્બરે પોતાનો નિર્ણય રિઝર્વ રાખ્યો હતો. નોંધપાત્ર છે કે એપ્રિલ ૨૦૨૧માં વારાણસી અદાલતે હિન્દુ ગ્રુપ્સની એક અરજી પર આર્કિયોલૉજિકલ સર્વે ઑફ ઈન્ડિયાને આ મસ્જિદ કૉમ્પ્લેક્સનો સર્વે કરવાનો આદેશ આપ્યો હતો.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# રાષ્ટ્રીય કક્ષાની આવી મોટી સ્પર્ધામાં મહિસાગર જીલ્લાના ૧૯ વિદ્યાર્થીઓ ટોપ ૧૦૦માં સ્થાન મેળવ્યું

લુણાવાડા,

DSI, ગુજકોસ્ટ તથા સાયન્સ સીટી અમદાવાદના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય કક્ષાની સૌથી મોટી સાયન્સ કિવઝ STEM 2.0 અમદાવાદમાં સાયન્સ સીટી ખાતે યોજાઈ હતી. જેમાં દેશના વિવિધ રાજ્યોમાંથી ૫ લાખ કરતા પણ વધુ બાળકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાંથી રાષ્ટ્રીય કક્ષાએ ટોપ ૧૦૦૦ બાળકો ઉત્તીર્ણ થયા હતા. જેમાં મહીસાગર જીલ્લા વિવિધ તાલુકાઓ માંથી મહીસાગર જીલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા બાળકોને



આ સ્પર્ધામાં ભાગ લેવડાવવામાં આવ્યો હતો. જેમાંથી ૧૯ પસંદ થયેલા બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈને ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. જે બદલ નીરજા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત મહીસાગર જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રના ચેરમેન અનિલભાઈ પંડ્યાએ સૌ બાળકોને અભિનંદન પાઠવ્યા હતા. તથા સેમી ફાઈનલ રાઉન્ડ સુધી પહોંચી ટોપ ૨૩૦ વિદ્યાર્થીઓમાં સ્થાન પામનાર પ્રિયાંશુ પ્રવીણભાઈ પટેલ અને શાહીર હુસેન શેખ ને વિશેષ અભિનંદન પાઠવ્યા હતા. તેમજ ભાગ લેનાર તમામ બાળકોને ટેબ્લેટ, ટેલિસ્કોપ, રોબોટિક કીટ જેવા વિવિધ ઈનામો આપી તેમના ઉત્સાહમાં વધારો કરવામાં આવ્યો હતો.

# મહીસાગરમાં એકજ દોરીથી યુવક-યુવતીની લટકતી હાલતમાં મૃતદેહ મળતા ચકચાર, મૃત્યુ અંગેનું કારણ અકબંધ

લુણાવાડા,

મહીસાગર જિલ્લામાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. એક વૃક્ષના ડાળ પર યુવક-યુવતીનો ગળેફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામ્યો છે. એક જ રસ્સી વડે યુવક અને યુવતીનો ફાંસો ખાધેલી હાલતમાં આ મૃતદેહો મળી આવ્યા. ખાનપુર તાલુકાના મૈયાપુર ગ્રામ પંચાયત વિસ્તારના વાવ્યો ગામની સીમમાં એક વૃક્ષ ઉપર ગળેફાંસો ખાધેલી હાલતમાં યુવક-યુવતીનો મૃતદેહ મળી આવ્યો છે. ખેતરમાં આંબાના



ઝાડની ડાળીએ લટકતી હાલતમાં યુવક-યુવતીના મૃતદેહથી સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામ્યો છે. બનાવ અંગેની જાણ થતાં સ્થાનિક લોકોના ટોળા પણ ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા અને બાકોર પોલીસને જાણ થતાં બાકોર PSI સહિત તેમની ટીમ પણ ઘટના સ્થળે દોડી આવી હતી. ત્યારે પોલીસ દ્વારા લટકતી હાલતમાં બંને મૃતદેહોને ઝાડ પરથી ઉતારીને પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડી બનાવ અંગેની તાપસ હાથ ધરી છે. પ્રાથમિક માહિતી મુજબ મૃતક બંને યુવક-યુવતી ખાનપુર તાલુકાના વતની હોવાનું માલુમ પડ્યું છે. ત્યારે સમગ્ર બનાવ અંગે મોતનું કારણ હાલ અકબંધ છે અને બાકોર પોલીસ તપાસ કરી રહી છે.

# ગોધરાના નદીસર પંથકમાં માત્ર જંગલોમાં જોવા મળતા ચીલોગો પક્ષી જોવા મળતાં પક્ષવિદોમાં આનંદ

નદીસર,

ગોધરા તાલુકાના નદીસર પંથકમાં બે ત્રણ વર્ષ થી મોટા ભાગે જંગલોમાં જોવા મળતા અને ઘણા વર્ષો થી તે પક્ષી મોટાભાગે રહેણાક વિસ્તારમાં જોવા નહોતું મળતું તેવું ચીલોત્રો પક્ષી લગભગ રોજ વહેલી સવારથી બપોર સુધી વિવિધ વિસ્તારો માં જોવા મળતા જાણકારો અને પક્ષી વિદો માં આનંદ જોવા મળ્યો છે.



તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

ચિલોત્રો પક્ષીને અંગ્રેજીમાં હોર્ન બિલ તરીકે ઓળખવામાં આવે છે. તે આકારમાં કાગડા કરતા મોટું અને તેની લાંબી ચાંચ પર શિંગડા જેવા ઉપસેલા ભાગના લીધે કદાચ તેને અંગ્રેજીમાં હોર્ન બિલ (શિંગડું) કહેવાતું હશે. ચિલોત્રા કુલ નવ પ્રકારના વિશ્વના જુદા જુદા ભાગોમાં જોવા મળે તેમાં અહીંયા ફક્ત રાખોડી રંગના નાજ ચીલોત્રા જોવા મળે છે અને આ પક્ષી નર અને માદા એમ મોટાભાગે જોડી માજ જોવા મળે છે. તેની માળો બનાવવાની રીતના કારણે આ પક્ષી ખૂબ વિખ્યાત છે, તે મોટા અને જુના ઝાડની બખોલમાં માળો બનાવે છે. બખોલમાં માળો બનાવ્યા પછી માદા તેમાં ઈંડા મૂકે એટલે નર ચિલોત્રો બહાર થી અને માદા ચિલોત્રો અંદર થી પોતાની લાળ અને માટીથી જે બખોલમાં માળો બાંધે છે. તેનું મોં એકદમ ફીટ કરી દે છે અને ફક્ત માદા ચિલોત્રાની ચાંચ અંદર થી બહાર આવે એટલી જ જગ્યા રાખે છે. જ્યાં થી માંદા ચિલોત્રાને નર ચિલોત્રો ખોરાક પૂરો પાડે છે. ખોરાકમાં વડના ટેટા, નાની ગરોળી, ઈયડો, અળસિયા, ભમરા, વી.તેનો મુખ્ય ખોરાક છે. માળામાં આશરે ત્રણેક માસમાં બચ્ચા મોટા થતા નર ચિલોત્રો બહાર થી માળોનું આવરણ તોડી નાખે છે. મોટાભાગે આ પક્ષી જ્યાં ગાઢ જંગલો અને જુના મોટા વૃક્ષો હોય ત્યાં વધુ જોવા મળે ત્યારે હવે રહેણાંક વિસ્તારમાં પણ ખોરાક પાણીની શોધમાં આવા પક્ષીઓ જોવા મળે તે આનંદની બાબત છે.

# ૨ હજારની નોટ બદલવા સામેની અરજી પર તાત્કાલિક સુનાવણી કરવા સુપ્રીમનો ઈનકાર

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે ઓળખ કાર્ડ બતાવ્યા વિના ૨ હજાર રૂપિયાની નોટ બદલવા વિરુદ્ધની અરજી પર તાત્કાલિક સુનાવણી કરવાનો ઈનકાર કરી દીધો છે. વાત જાણે એમ છે કે, સુપ્રીમ કોર્ટની વેકેશન બેન્ચે કહ્યું કે, આ એવો મામલો નથી કે જેની તાત્કાલિક સુનાવણી કરવાની જરૂર છે. અરજદારે ઉનાળાના વેકેશન પછી ચીફ જસ્ટિસ પાસે સુનાવણીની વિનંતી કરવી જોઈએ. નોંધનીય છે કે, આ પહેલા દિલ્હી હાઈકોર્ટે આ અરજી ફગાવી દીધી હતી. અરજીકર્તાઓ તેને પડકારવા માટે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યા છે.

પિટિશનર વકીલ અશ્વિની ઉપાધ્યાયનું કહેવું છે કે, નોટ બદલનારની ઓળખની ખરાઈ કર્યા



વિના જ ભ્રષ્ટાચારી અને રાષ્ટ્રવિરોધી તત્વોને નોટો બદલીને ફાયદો થઈ રહ્યો છે. ૨૯ મેના રોજ દિલ્હી હાઈકોર્ટે અરજીને નીતિ વિષયક ગણાવીને ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ સુધાંશુ ધુલિયા અને કે.વી. વિશ્વનાથનની બેન્ચ સમક્ષ તેમની અરજી મૂકતા ઉપાધ્યાયે દલીલ કરી હતી કે, રિઝર્વ બેંકનો નિર્ણય મનસ્વી છે. હાઈકોર્ટે મંજૂર કરીને ખોટું કર્યું છે. પરંતુ ન્યાયાધીશોએ ઉપાધ્યાયની અપીલ પર તરત જ સુનાવણી કરવાનો ઈનકાર કરી દીધો હતો.

આ સાથે અરજીમાં કહેવામાં આવ્યું છે કે, ૩ લાખ કરોડ રૂપિયાથી વધુ મૂલ્યની ૨,૦૦૦ રૂપિયાની નોટો ભ્રષ્ટાચાર, માફિયા અથવા રાષ્ટ્ર વિરોધી શક્તિઓ પાસે હોવાની સંભાવના છે. આવા સંજોગોમાં આવા તત્વો ઓળખ કાર્ડ જોયા વગર જ નોટ બદલીને ફાયદો ઉઠાવી રહ્યા છે.

અરજદારે કહ્યું છે, ભારતમાં આજે એવો કોઈ પરિવાર નથી કે જેનું બેંક ખાતું ન હોય. તેથી ૨૦૦૦ રૂપિયાની નોટ સીધી બેંક ખાતામાં જમા કરાવવી જોઈએ. એ પણ સુનિશ્ચિત કરવું જોઈએ કે, વ્યક્તિ ફક્ત પોતાના ખાતામાં જ નોટો જમા કરાવી શકે અને કોઈ બીજાના ખાતામાં નહીં.

દિલ્હી હાઈકોર્ટમાં દલીલો દરમિયાન રિઝર્વ બેંકે અરજીનો વિરોધ કર્યો હતો. રિઝર્વ બેંક તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ પરાગ ત્રિપાઠીએ ૧૯૮૧ના 'આરકે ગર્ગ વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા' કેસના નિર્ણયનો ઉલ્લેખ કર્યો હતો. તેમની દલીલ એવી હતી કે, કોર્ટ નાણાકીય નીતિમાં દખલ ન કરી શકે. ત્રિપાઠીએ કહ્યું હતું કે, નોટો જાહેર કરવાનો અને પરત મેળવવાનો અધિકાર રિઝર્વ બેંકનો છે. કોર્ટે આમાં દખલ ન કરવી જોઈએ.

# મણિપુર હિંસાની તપાસ હાઈકોર્ટના નિવૃત્ત જજ કરશે, શાંતિ સમિતિની પણ કરાશે રચના : કેન્દ્રીય મંત્રી અમિત શાહ

ઈમ્ફાલ,

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ મણિપુરના પ્રવાસે છે. આ દરમિયાન એક પત્રકાર પરિષદને સંબોધતા તેમણે કહ્યું કે, જ્યારથી મણિપુરમાં બીજેપીની ડબલ એન્જિન સરકાર બની છે ત્યારથી રાજ્ય વિકાસના પંથે આગળ વધી રહ્યું છે. પરંતુ ભૂતકાળમાં બનેલી હિંસક ઘટનાઓમાં અહીં અનેક લોકોએ જીવ ગુમાવ્યા હતા. અમે મણિપુરમાં શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે કામ કરી રહ્યા છીએ. આ હિંસાની તપાસ હાઈકોર્ટના નિવૃત્ત જજ દ્વારા કરવામાં આવશે. આ હિંસાની તપાસ માટે એક શાંતિ સમિતિની રચના કરવામાં આવી રહી છે.

અમિત શાહે ઈમ્ફાલમાં જણાવ્યું હતું કે, "મણિપુરમાં ભાજપની સરકાર સત્તામાં આવી ત્યારે છેલ્લા છ વર્ષથી મણિપુર કર્ફ્યુ અને હિંસાથી મુક્ત થયું છે. મણિપુરમાં ડબલ એન્જિન સરકારે વિકાસના તમામ માપદંડોમાં અભૂતપૂર્વ સિદ્ધિઓ હાંસલ કરી



છે. હિંસક ઘટનાઓ સામે આવી છે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, છેલ્લા કેટલાક દિવસોમાં મેં ૧૧ અલગ-અલગ પક્ષોના નેતાઓ સાથે વાતચીત કરી હતી. દરેક ક્ષેત્રના લોકો સાથે વાત કરી. મહિલાઓ સાથે પણ વાત કરી. ૨૯ એપ્રિલના રોજ મણિપુર હાઈકોર્ટના નિર્ણયને કારણે અહીં બે જૂથો વચ્ચે જાતિય હિંસા શરૂ થઈ ગઈ હતી. બંને પક્ષોએ શાંતિ અને સૌહાર્દ જાળવવા માટે કામ કરવું જોઈએ. આ મામલે સરકાર દ્વારા રાહત પેકેજ પણ તૈયાર કરવામાં આવ્યું છે. હિંસામાં મૃત્યુ પામેલા લોકોના નજીકના સંબંધીઓને કેન્દ્ર સરકાર દ્વારા ૫ લાખ રૂપિયા અને મણિપુર સરકાર દ્વારા ૫ લાખ રૂપિયા આપવામાં આવશે. આ રકમ ડીબીટી દ્વારા સીધા પીડિતોને ટ્રાન્સફર કરવામાં આવશે.

શાહે હિંસામાં માર્યા ગયેલા લોકોના નજીકના સંબંધીઓને ૧૦ લાખ રૂપિયાની એક્સ-ગ્રેશિયા અને પરિવારના એક સભ્યને નોકરી આપવાની જાહેરાત કરી હતી. તેમણે રાજ્યમાં રેશન અને તેલ જેવી આવશ્યક ચીજોના પુરવઠામાં સુધારો કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો. અમિત શાહે હિંસામાં માર્યા ગયેલા લોકોના નજીકના સંબંધીઓને ૧૦ લાખ રૂપિયાની એક્સ-ગ્રેશિયા અને પરિવારના એક સભ્યને નોકરી આપવાની જાહેરાત કરી છે. મણિપુરમાં લગભગ એક મહિનાથી ચાલી રહેલી હિંસા વચ્ચે ઓલિમ્પિક મેડલ વિજેતા મીરાબાઈ ચાનુ સહિત રાજ્યની ૧૧ સ્પોર્ટ્સના ખેલાડીઓએ ગૃહમંત્રી અમિત શાહને પત્ર લખીને રાજ્યમાં વહેલી તકે શાંતિ સ્થાપિત કરવાની માગ કરી છે. તેમણે કહ્યું હતું કે જો સ્થિતિ સામાન્ય નહીં થાય તો તેઓ તેમના અવોર્ડ અને મેડલ પરત કરશે.

મણિપુરમાં લગભગ એક મહિનાથી ચાલી રહેલી હિંસા વચ્ચે, ઓલિમ્પિક મેડલ વિજેતા મીરાબાઈ ચાનુ સહિત રાજ્યની ૧૧ સ્પોર્ટ્સના ખેલાડીઓએ ગૃહ પ્રધાન અમિત શાહને પત્ર લખીને રાજ્યમાં વહેલી તકે શાંતિ સ્થાપિત કરવાની માંગ કરી છે. તેઓએ કહ્યું છે કે જો સ્થિતિ સામાન્ય નહીં થાય તો તેઓ તેમના એવોર્ડ અને મેડલ પરત કરશે. પત્ર પર હસ્તાક્ષર કરનારાઓમાં મીરાબાઈ ચાનુ, પદ્મ પુરસ્કાર વિજેતા વેઈટલિફ્ટર કુંજારાની દેવી, ભારતીય મહિલા ફૂટબોલ ટીમની ભૂતપૂર્વ કેપ્ટન બેમ બેમ દેવી અને બોક્સર એલ સરિતા દેવીનો સમાવેશ થાય છે.

અહીં, ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે પુણેમાં કહ્યું કે મણિપુરમાં સ્થિતિ સામાન્ય થવામાં થોડો સમય લાગશે.જનરલ ચૌહાણે કહ્યું- રાજ્યમાં હિંસા બે જાતિ વચ્ચેના સંઘર્ષનું પરિણામ છે. તેને ઉગ્રવાદ સાથે કોઈ લેવાદેવા નથી. આ કાયદો અને વ્યવસ્થાનો મામલો છે. અમે રાજ્ય સરકારને મદદ કરી રહ્યા છીએ.૨૮ મેના રોજ મુખ્યમંત્રી એન બિરેન સિંહે કહ્યું હતું કે રાજ્યમાં હિંસા ફાટી નીકળી ત્યારથી પોલીસ એન્કાઉન્ટરમાં ૪૦ લોકો માર્યા ગયા છે. મુખ્યમંત્રીએ તેમને આતંકવાદી કહ્યા હતા.અનિલ ચૌહાણે પુણેમા એનડીએના ૧૪૪મા કોર્સની પાસિંગ આઉટ પરેડમાં હાજરી આપી હતી. અહીં તેમણે મણિપુર હિંસા વિશે વાત કરી.

મણિપુરમાં ૩ મેથી હિંસા ચાલુ છે. રાજધાની ઈમ્ફાલને અડીને આવેલા સેરાઉ અને સુગનુ વિસ્તારોમાં રવિવારે હિંસા થઈ હતી. જેમાં ૧ પોલીસકર્મી સહિત ૫ લોકોના મોત થયા હતા, જ્યારે ૧૨ લોકો ઘાયલ થયા હતા. રાજ્યમાં હિંસાને કારણે અત્યાર સુધીમાં લગભગ ૮૦ લોકોએ જીવ ગુમાવ્યા છે.હિંસા બાદ, સેના અને આસામ રાઈફલ્સ દ્વારા ૨૮ મેના રોજ એક વિશાળ બચાવ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં કુકી જનજાતિ અને મૈતેઈ સમાજના ગ્રામજનોને સલામત સ્થળે પહોંચવામાં મદદ કરવામાં આવી હતી.

સૈન્ય અને અર્ધલશ્કરી દળોએ પોલીસ, રાજ્ય પ્રશાસન અને નાગરિક સમાજ સંગઠનો સાથે મળીને લગભગ ૨,૦૦૦ મૈતેઈ ગ્રામવાસીઓને બહાર કાઢ્યા અને તેમને પંગલતાબી રાહત શિબિરમાં લઈ ગયા. એ જ રીતે, કુકી જાતિના લગભગ ૩૨૮ ગ્રામજનોને સુગનુથી સાજિક ટેમ્પકમાં સુરક્ષિત રીતે ખસેડવામાં આવ્યા હતા.

## આપની આજ.......

મેષ : પરિવારમાં કોઈ શુભ કાર્યના આયોજન અંગે ચર્ચા થશે. તમારા જીવનધોરણને સુધારવા માટે તમારે ફક્ત તે વસ્તુઓ ખરીદવી જોઈએ જે કાયમી ઉપયોગ માટેની હોય.

વૃષભ : આજનો સમય ઝડપથી આગળ વધવાનો છે. તમારી અનપેક્ષિત પ્રગતિ જોઈને દરેક જણ આશ્ચર્યચકિત થઈ જશે. તમે પણ તમારી સિદ્ધિઓ જોઈ શકો છો. પ્રગતિની આ ગતિ કાયમી રાખવી તે તમારું મુખ્ય કાર્ય હોવું જોઈએ, નહીં તો ભવિષ્યમાં તમારી પ્રતિષ્ઠાને નુકસાન થઈ શકે છે.

મિથુન : ખરીદી અને વેચાણના મામલે લાભ થશે. આજે તમને દિવસ દરમિયાન સારા સમાચાર મળશે. મિત્રો સાથે રમૂજ વધશે. બિનજરૂરી મુશ્કેલીઓથી દૂર રહો. ધાર્મિક સ્થળોની મુસાફરીનો યોગ છે.

કર્ક : આજે પ્રયાસ બાદ તમને પરેશાનીઓમાંથી થોડી રાહત મળશે. ધીમે ધીમે હવે તમારું નસીબ પણ તમને ટેકો આપશે. તમને જણાવી દઈએ કે આજે તમને વધતી આર્થિક મુશ્કેલીઓમાંથી પણ મુક્તિ મળશે.

સિંહ : આજે કોઈપણ નવા સંપર્કથી લાભ મળશે. આ ઉપરાંત ભૂતકાળના સંદર્ભમાં સંશોધનનો લાભ આજે મળી શકે છે. જો તમારા પૈસા ઘણાં સમયથી અટક્યા છે તો આજે તમે તે મેળવી શકો છો.

કન્યા : લોકોને આજે ઉચ્ચ અધિકારીઓની નિકટતાનો લાભ મળવાની તક મળશે. આયાત-નિકાસના ધંધામાં પણ નફાનો યોગ છે. આધ્યાત્મિકતા અને ધાર્મિક કાર્યમાં પણ રુચિ વધશે. મુસાફરીનો યોગા બની રહ્યો છે.

તુલા : આજનો દિવસ બહેન અને ભાઈની ચિંતામાં વિતાવશો. કદાચ આજે તમે તેમની કારકિર્દી અથવા વ્યક્તિગત જીવનને સેટ કરવા માટે ટેન્શનમાં છો. પરંતુ ધ્યાનમાં રાખો કે આ બધી સમસ્યાઓ તમારા પ્રયત્નોથી પણ ઉકેલાઈ શકે છે.

વૃશ્ચિક : આજે પરિવારમાં સારા સમાચાર મળશે. પરંતુ કાર્ય-વ્યવસાયના ક્ષેત્રમાં આવતી સમસ્યાઓ તમારા પર ભારે ના થવા દો. નહીં તો તમારો માનસિક તણાવ પણ વધી શકે છે. તે તમારા સ્વાસ્થ્ય માટે સારું રહેશે નહીં.

ધનુ : આજે ધંધાને લઈને ખાસ ચિંતિત રહેશે. જેનું કારણ એ છે કે છેલ્લાં ઘણાં દિવસોથી તમારો વ્યવસાય નિયમિત રહ્યો નથી. પરંતુ ધ્યાનમાં રાખો કે અસ્વસ્થ થવાની જગ્યાએ જો તમે વ્યવસાયની સમસ્યા ઉકેલવાનો કોઈ માર્ગ શોધવાનો પ્રયાસ કરો છો તો તે તમારા માટે સારું રહેશે.

મકર : આજે તમારે કોઈ વિશેષ પ્રકારની ભાગદોડ કરવી પડશે. પરંતુ તેના પરિણામો પણ ફાયદાકારક રહેશે. તમારું કાર્ય ઉત્સાહથી પૂર્ણ કરો. જો તમે નોકરીમાં હોવ તો પણ આજે તમને લાભ મળવાની સંભાવના છે.

કુંભ : આજે કોઈ કારણોસર ચિંતિત અને પરેશાન રહેશે. કેટલીક સમસ્યાઓ વાસ્તવિક હશે. આજે સામાજિક અને વ્યાવસાયિક ક્ષેત્રમાં વિરોધીઓની ભીડ તમારી સામે આવી શકે છે. તમે ફક્ત તમારી હિંમત અને બુદ્ધિથી આ લોકોને હરાવી શકો છો.

મીન : આજે અભ્યાસ અને અધ્યાત્મમાં રુચિ વધવાની સંભાવના છે. વિવાદપૂર્ણ બાબતોનો અંત આવશે. આજે કોઈને ઉધાર આપવાનું ટાળો. નહીં તો તે પરત મળવાની સંભાવના નહિવત્ છે. તમારા માતા-પિતા અને ગુરુની સેવા અને આદર કરો. જે તમને દરેક ક્ષેત્રમાં લાભ આપશે.

# કાલોલના આરા (અલવા) ગામે વરઘોડામાં નાચવા ન દેવા મામલે ત્રણ આરોપીએ મારામારી કરતાં ફરિયાદ

કાલોલ,

કાલોલ તાલુકાના આરા (અલવા) ગામે આરોપીઓએ વરઘોડામાં અમને નાચવા દીધેલ ન હતા. તેમ કહી મારમારતાં પોલીસ ફરિયાદ નોંધાવા પામી.

પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના આરા (અલવા) ગામે રહેતા આરોપીઓ લક્ષ્મણસિંહ પ્રભાતસિંહ પરમાર, ઈન્દ્રજીત રમણસિંહ ગોહિલ, દિવ્યાંગભાઈ ભેગા મળી ૨૯ મેના રોજ ફળીયામાં વરઘોડો નિકળેલ હતો. તેમાં અમને નાચવા દીધલ ન હતા. તેમ કહી અરવિંદભાઈ બળવંતભાઈ પરમાર, બળવંતસિંહ પરમાર સાથે આરોપીઓએ મારામારી કરી લોખંડની પાઈપ અને લાકડી વડે ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપતાં કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# ગોધરાના મેરપ ગામે તરસ લાગતા કુવા ઉપર પાણી પીવા ગયેલ મહિલાનું ૧ વર્ષીય બાળક અચાનક કુવામાં પડી જતાં મોત

ગોધરા,

ગોધરા તાલુકાના મેરપ ગામે રોડ બાજુમાં આવેલ કુવા ઉપર પીવા ગયા હતા. ત્યારે ૧ વર્ષીય બાળક અચાનક કુવા ઉપર ચડી કુવામાં જોવા જતા કુવામાં પડી જતાં ડુબી જવાથી મોત નિપજ્યું.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના મેરપ ગામે સુથાર ફળીયા ખાતે રોડની બાજુમાં આવેલ કુવા ઉપર જ્યોત્સનાબેન તેમના ૧ વર્ષીય બાળક વંશીલ સાથે પાણી પીવા માટે ગયા હતા. દરમિયાન ૧ વર્ષીય બાળક વંશીલ અચાનક કુવા ઉપર ચડીને કુવામાં જોવા જતાં કુવામાં પડી ગયેલ અને કુવાના પાણીમાં ડુબી જતા મોત નિપજાવા પામ્યું. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે અ.મોતની ફરિયાદ નોંધાવા પામી છે.

# ગોધરા તાલુકાના નદીસર મહાજન ઈંગ્લીશ સ્કુલનું ધો.૧૦નું ૭૧.૫૭ ટકા અને ધો.૧૨નું ૮૨.૧૪ ટકા આપ્યું

નદીસર,

ગોધરા તાલુકા ના નદીસર ગામે આવેલ મહાજન ઈંગ્લીશ સ્કુલનું ચાલુ વર્ષે લેવાયેલ ધો.૧૦ એસ.એસ.સી.નું પરિણામ ૭૧.૫૭ ટકા તેમજ ધો ૧૨ એચ.એસ.સી.નું પરિણામ ૮૨.૧૪ ટકા આવેલ છે. જેમાં ધો.૧૦ માં મહેરા પ્રિયંકાબેન કિરણભાઈ ૮૭.૫૦ ટકા ઠાકોર ખુશીબેન ભૂપેન્દ્રસિંહ ૮૫.૫૦ ટકા ઠાકોર નિશાબેન દશરથસિંહ ૮૫ ટકા સાથે પાસ થયેલ છે. ધો. ૧૨ માં મહેરા નેહાબેન વિષ્ણુભાઈ ૮૩.૭૧ ટકા, રાઠોડ કામિનીબેન જયેશભાઈ ૮૩.૧૪ ટકા અને પરમાર ઉર્વશીબેન શૈલેષભાઈ ૮૨.૧૪ ટકા સાથે ઉતીર્ણ થયા છે. શાળાના બન્ને વર્ગ ધો.૧૦ અને ૧૨ નું ઝળહળતું પરિણામ આવતા ગ્રામજનો સહિત સૌએ વિદ્યાર્થીઓ અને શાળા પરિવારને અભિનંદન આપ્યા હતા.

# કોમર્શિયલ LPG ગેસના ભાવમાં મોટી રાહત, પ્રતિ સિલિન્ડર રૂ.૮૩.૫ સસ્તું થયું

નવીદિલ્હી,

નવી દિલ્હીમાં કોમર્શિયલ ગેસની કિંમતમાં ૮૩.૫ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે અને હવે નવી કિંમત ૧૭૭૩ રૂપિયા થઈ ગઈ છે. ગયા મહિને કોમર્શિયલ ગેસની કિંમત ૧૮૫૬.૫૦ રૂપિયા પ્રતિ સિલિન્ડર હતી. તે જ સમયે, ઘરેલુ ગેસ સિલિન્ડરનો દર ૧૧૦૩ રૂપિયા પર યથાવત્ છે. ૧ જૂનથી રિપ્લેસમેન્ટ કોમર્શિયલ ગેસ સિલિન્ડર દિલ્હીમાં ૧૭૭૩ રૂપિયામાં વેચાઈ રહ્યું છે અને ૧ જૂને તે કોલકાતામાં ૧૮૭૫.૫૦ રૂપિયામાં વેચાઈ રહ્યું છે. મુંબઈમાં ૧૯ કિલો કોમર્શિયલ ગેસ ૧૭૨૫ રૂપિયામાં વેચાઈ રહ્યો છે અને ચેન્નાઈમાં એલપીજીની કિંમત ૧૯૭૩ રૂપિયા છે. કોમર્શિયલ એલપીજી સિલિન્ડર દિલ્હીમાં ૧૮૫૬.૫૦ રૂપિયાથી ૮૩.૫૦ રૂપિયા ઘટીને ૧૭૭૩ રૂપિયા થઈ ગયો છે. જ્યારે કોલકાતામાં તેની કિંમત ૧૯૬૦.૫૦ રૂપિયાથી ઘટાડીને ૧૮૭૫.૫૦ રૂપિયા કરવામાં આવી છે. મુંબઈમાં કોમર્શિયલ ગેસ રૂ. ૮૩.૫૦ સસ્તો થયો છે જે રૂ. ૧૮૦૮.૫૦થી રૂ. ૧૭૨૫ થયો છે. તે જ સમયે, ચેન્નાઈમાં એલપીજી ગેસ ૨૦૨૧.૫૦ રૂપિયાથી તે ૧૯૩૭ રૂપિયા પર પહોંચી ગયો છે. છેલ્લા કેટલાક મહિનાઓથી સ્થાનિક એલપીજીના ભાવમાં કોઈ ફેરફાર થયો નથી. છેલ્લી વખત માર્ચ દરમિયાન તેમાં ફેરફાર થયો હતો. ત્યારપછી તેની કિંમતમાં કોઈ ફેરફાર થયો નથી. લેહમાં ૧૩૪૦, આઈઝોલમાં ૧૨૬૦, ભોપાલમાં ૧૧૦૮.૫, જયપુરમાં ૧૧૦૬.૫, બેંગલુરુમાં ૧૧૦૫.૫ રૂપિયા, દિલ્હીમાં ૧૧૦૩ રૂપિયા, મુંબઈમાં ૧૧૦૨.૫ રૂપિયા અને શ્રીનગરમાં ૧૨૧૯ રૂપિયા છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લામાં ભાજપે લોકસભાની ચુંટણીનું બ્યુગલ ફુંક્યુ

# જનસંપર્ક અભિયાનના પ્રારંભ સાથે સાંસદનો સંસદીય મત વિસ્તારનો પ્રવાસ શરૂ

## સંગઠન પ્રભારી, જીલ્લા ભાજપ પ્રમુખ કાર્યકરોને ઉત્સાહિત કરવામાં જોતરાયા, નિષ્ક્રીય કાર્યકરો માટે રેડ સિગ્નલ આપી દેવાયો

દાહોદ,

દાહોદ જીલ્લામાં ભારતીય જનતા પાર્ટી અત્યારથી જ એક્શન મોડમાં આવી ગઇ છે. કારણ કે, લોકસભાની ચુંટણીને હજી એક વર્ષ જેટલો સમય બાકી હોવા છતાં રાષ્ટ્ર વ્યાપી કાર્યક્રમ અંતર્ગત ઘર ઘર સંપર્ક અભિયાન શરૂ કરી દેવામાં આવ્યું છે અને ઠેર ઠેર વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. બીજી તરફ કોંગ્રેસ સુષુપ્તાવસ્થામાં રાચી રહી છે. આવનાર સમયમાં ભાજપાનું અભિયાન વેગ પકડશે તેમ લાગી રહ્યુ છે.

દાહોદ જીલ્લામાં વિધાનસભાની ચુંટણીમાં તમામ ૬ અને સંસદીય મતવિસ્તારમાં સાતે સાત બેઠકો પર વિજય મેળવી લેતાં હવે પંચાયતથી પાર્લામેન્ટ સુધી ભાજપાનું શાસન આવી ગયુ છે. કારણ કે આ પહેલાં ત્રણ બેઠકો કોંગ્રેસના કબ્જામાં હતી. તે ભાજપે ગત ચુંટણીમાં આંચકી લીધી હતી. હવે ૨૦૨૪માં લોકસભાની ચુંટણી દસ્તક દઈ રહી છે. ત્યારે ભાજપ વિધાનસભાની ચુંટણીના વિજય બાદ આળસ મરડીને ફરીથી મેદાનમાં આવી ગયુ છે. લોકસભાની ચુંટણીને અનુલક્ષીને વિવિધ કાર્યક્રમો શું થઇ ગયા છે અને નવનિયુક્ત સંગઠન પ્રભારી સતીષભાઇ પટેલ જીલ્લામાં છાશવારે મુલાકાતે પણ આવી રહ્યા છે.

તારીખ ૩૦ મે થી ૩૦ જૂન સુધી ઘર ઘર સંપર્ક ઝુંબેશની શરૂઆત પણ કરી દેવામાં આવી છે. જેમાં સાસંદ જશવંતસિંહ ભાભોર, જીલ્લા ભાજપ પ્રમુખ શંકરભાઇ આમલીયાર દ્વારા પ્રવાસ કાર્યક્રમ પણ શરૂ કરી દેવામાં આવ્યા છે. પ્રથમ દિવસે સાંસદ જશવંતસિંહ ભાભોરે ગરબાડા મત વિસ્તારમાં આશરે ૮ કરોડના ખર્ચે ૮ રોડ બનાવવા માટે સાગમટે ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. સાંસદ જીલ્લા પંચાયતની તમામ બેઠકો દીઠ પ્રવાસ કરશે અને જનમેદનીને સંબોધી કેન્દ્ર અને રાજ્ય સરકારે કરેલા વિકાસકાર્યોથી માહિતગાર કરશે. ઉપરાંત જરૂરિયાત પ્રમાણેની સુવિધાઓ કેવી રીતે પુરી પાડવી તેનું આયોજન સ્થાનિક સ્તરેથી જ કરશે.

બીજી તરફ સાંસદ જશવંતસિંહ ભાભોર અને દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરીએ દાહોદથી ભુજ, ધાનપુર દાહોદ સહિત કુલ ૬ નવીન રૂટ મંજૂર કરવામાં આવ્યા છે. તે તમામ બસોને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. દાહોદના ધારાસભ્ય સમક્ષ દાહોદ થી માતાના મઢ સુધીની બસ સેવા શરૂ કરવા માંગ કરાતા વાહન વ્યવહાર મંત્રીને પત્ર પાઠવી તે સેવા પુરી પાડવા ભલામણ કરાતા તે રૂટ મંજૂર કરાતા શ્રધ્ધાળુઓમાં આનંદની લાગણી ફેલાઇ છે. દાહોદ–મુન્દ્રા પોર્ટ, પિટોલ–દાહોદ–ભુજ, દાહોદ–ઝાલોદ અને દાહોદ–ધાનપુર એમ આવવા જવાના કુલ ૬ નવા રૂટ મંજૂર કરી દેવાયા છે. ત્યારે આવા ઘણાં માધ્યમોથી ભાજપાના પદાધિકારીઓ પ્રજાની વચ્ચે જઇ રહ્યા છે. તેની સાથે જ કાર્યકરોને પણ સજાગ કરી દેવામાં આવ્યા છે, પરંતુ સામે પક્ષે કોંગ્રેસમાં આવી કોઇ પણ પ્રકારની હિલચાલ જણાતી નથી.

કેન્દ્ર સરકારે ગુજરાતમાં દાહોદ, આણંદ, બારડોલી, સુરેન્દ્રનગર અને પાટણ પાંચ બેઠકો પસંદ કરી તેને આકાંક્ષી બેઠક જાહેર કરવામાં આવી છે. આ બેઠક પર કેન્દ્ર સરકારના મંત્રીઓ પ્રવાસ કરી રહ્યા છે. તેના અનુસંધાને કેન્દ્રીય રાજ્ય શહેરી વિકાસ મંત્રી કૌશલ કિશોર સમગ્ર લોકસભા વિસ્તારનો પ્રવાસ કરી રહ્યા છે, તેમજ આ માસ દરમિયાન પ્રબુદ્ધ નાગરિકોના, વિવિધ યોજનાના લાભાર્થીઓના સંમેલનો પણ યોજાશે અને કોઇ પણ એક કેન્દ્રીય નેતાની જાહેર સભાનું આયોજન પણ કરવામાં આવશે તેવી સત્તાવાર માહિતી પ્રાપ્ત થઇ છે.

# ફતેપુરાના મારગાળા ગામે માહિલા ઉપર અત્યારચારનો વિડીયો વાયરલની ઘટના બાદ પોલીસે ચાર ઈસમોને ઝડપ્યા

દાહોદ,

પ્રેમ કરવાની તાલીબાની સજા આપતા અનેક વિડિયો સામે આવ્યા છે, ત્યારે વધુ એક આવો વિડિયો દાહોદથી સામે આવ્યો છે. દાહોદ જીલ્લાના ફતેપુરા તાલુકાના મારગાળા ગામમાં પ્રેમી સાથે ભાગી ગયેલી પરણિતા ગામમાં પરત આવતા આ દાહોદ જીલ્લાનાં ફતેપુરા તાલુકાના મારગાળા ગામમાં છે, જે વિડિયોમાં જોવા મળે છે. પરણિતાની સાડી પ્રેમીના માથે બંધાવે છે અને પરણીતાને ઢસડે છે. આ વિડિયો સોશિયલ મિડિયામાં વાયરલ થતાં જીલા પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી છે. પોલીસે વિડિયોના આધારે હાલ ચાર ઈસમોની અટાયત કરી તપાસ શરૂ કરી છે અને આ તપાસમાં પોલીસના ઉચ્ચ અધિકારીઓ પણ જોડાયા હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાથમિક તબક્કે મળેલ માહિતી અનુસાર ફતેપુરા તાલુકાના મારગાળાની એક પરણિત યુવતી તેના પ્રેમી સાથે ભાગી ગઈ હતી. થોડા દિવસો બાદ તે ગામમાં તેના પ્રેમી સાથે જ પરત ફરતા ગામમાં જમા આતંકનું વાતાવરણ સર્જાયું હોય તેવું વાયલ થયેલા વિડિયોમાં જોવાઈ રહ્યું છે. પરણિતાનો પતિ તેમજ અન્ય ટોળું પરણિતાને રીતસર જમીન પર ઢસરી લઈ જતા હબોવાનું સ્પષ્ટ જોવાઈ રહ્યું છે. મહિલાએ પહેલી સાડી પણ ખેંચી કાઢીને તેના પ્રેમીના માથે બાંધી દઈ તેને મારમારવાનો પ્રયત્ન પણ કવામાં આવ્યો છે. અભદ્ર ભાષામા ગાળાગાળી પણ કરવામાં આવી છે. આવો વિડિયો વાયરલ થતાં ગ્રામ્ય વિસ્તારોમાં ખળભળાટ મચી ગયો છે. એક તરફ ટોળુ મહિલા અને તેના પ્રેમી સાથે મારઝુડ કરવાનો પ્રયત્ન કરે છે. ત્યારે એક વ્યક્તિ તો નાચી રહયો છે અને આ ઘટનાની જાણે વિકૃત આનંદ માણી રહ્યો હોય તેમ વિડિયોમાં જોવાઈ રહ્યું છે. કેટલીક મહિલાઓ લાચાર બનીને દુરથી તમાશો જોઈ રહી છે અને પોતે એક મહિલાને બચાવી પણ નથી શકતી ત્યારે જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં મહિલાઓની સામાજીક સ્થિતિ કેવી હશે તેનો ક્યાશ આ ઘટના ઉપરથી કાઢી શકાય તેમ છે. બીજો એક વ્યકિત કારબાના કશુંક પ્રવાહી ભરીને ફરી રહ્યો હોય તેમ પણ લાગી રહ્યું છે, તે કારબામાંથી પ્રવાહી ભરીને પીવડાવી પણ રહ્યો છે ત્યારે તે પાણી છે કે કોઈ કેફી પીણું છે, તે પોલીસ માટે તપાસનો વિષય છે. દાહોદ જીલ્લામાં આ પહેલા પણ મહિલાઓને કે પ્રેમી પંખીડાઓને તાલીબાની સજા આપવાના વિજડિયો વાયરલ થતા આવ્યા છે અને તેમા કુર અને વિકૃત રીતે મહિલાઓને રંજાડવામાં આવતી હોવાનું જોવા મળ્યું છે. એક વિડિયોમાં તો પાડોશી સગાઓ સાથે વાત કરવાના મામલે તેના પતિએ મહિલાને જાહેરમાં લાકડીઓ ફટકારી અધમુઈ કરી નાખી હતી. આવી ઘણી લાલબત્તી સમાન ઘટનાઓ ઘટી ચુકી છે. પરંતુ તે થોડા કલાકોમાં કે દિવસોમાં જ વિસરાઈ જાય છે અને ફરીથી થોડા અંતરાલ બાદ તેવી જ ઘટના સામે આવે છે. ત્યારે સમજાય છે કે જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કેવી છે ?

# દે.બારીઆના પીપલોદ ગામે પરણિતા પાસેથી દહેજમાં પાંચ લાખની માંગણીથી ત્રસ્ત મહિલાએ સાસરીયા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી

દાહોદ,

દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના પીપલોદ ગામે રૂપિયા પાંચ લાખના દહેજની માંગણી કરનાર પતિ તથા સાસુ સસરાના ત્રાસથી તેમજ છુટ્ટા છેડા આપવા માટે કરાતા દબાણથી વાજ આવી અમદાવાદ ખાતે પરણાવેલી પીપલોદ ગામની સોની સમાજની પરણિત મહિલાએ પોતાના પતિ તથા સાસુ સસરા વિરૂદ્ધ પોલીસ ફરિયાદ કરી હોવાનું જાણવા મળ્યું છે.

પીપલોદ બજારમાં રહેતી ૩૧ વર્ષીય ચાર્મીબેન સોનીના લગ્ન તા. ૧૦–૧૨–૨૦૨૦ના રોજ અમદાવાદ વસ્ત્રાપુર ખાતે ઈ આકાશ રસબરી કુટીર બંગાલામાં રહેતા ધરવકુમાર હરેશભાઈ સોની સાથે સમાજના રિતરિવાજ મુજબ થયા હતા.

ચાર્મીબેનને લગ્નના છ માસ સારી રીતે રાખ્યા બાદ તેના પતિ તથા સાસુ–સસરાનું પોત પ્રકાશ્યું હતું અને તેના પતિ અન્ય પુરૂષનો ખોટો શકવ્હેંમ રાખી અસહ્ય ત્રાસ આપવા લાગ્યો હતો અને તેના મા–બાપની ચઢામણીથી મારકુટ કરી પિયરમાંથી રૂપિયા પાંચ લાખ લઈ આવ અને જો તુ નહી લાવે તો તને મારી નાંખીશું તેવી ધમકીઓ આપી ચાર્મીબેનને અવાર નવાર છુટ્ટા છેડા માટે દબાણ કરી હેરાન પરેશાન કરી શારીરીક અને માનસીક ત્રાસ આપતા આવા ત્રાસથી વાજ આવેલ ચાર્મીબેન સોનીએ પોતાના પતિ તથા સાસુ સસરા વિરૂદ્ધ દાહોદ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા આ સંદર્ભે પોલીસે ઈપિકો કલમ ૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ દહેજ પ્રતિબંધક ધારા મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ગરબાડાના માતવા ગામની પરણિતાના સાસરીયા ત્રાસ આપી આત્મહત્યા માટે મજબુર કરતાં પરણિતાએ ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

દાહોદ,

દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકાના માતવા ગામે પતિ અન સાસુ–સસરા દ્વારા શારીરીક અને માનસીક ત્રાસ આપી આત્મહત્યા કરી લેવા મજબુર કરાતા ૨૧ વર્ષીય પરણીતાએ પોતાની સાસરીમાં સરા સાથે દોરડું બાંધી ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધાનું જાણવા મળ્યું છે.

ગરબાડાના અભલોડ ગામના ધોળા દાંતા ફળિયામાં રહેતા ૪૩ વર્ષીય મલસીંગભાઈ માનસીંગભાઈ ભુરીયાની દીકરી ૨૧ વર્ષીય સુનીતાબેનના લગ્ન ગરબાડાના માતવા ગામના મુકેશભાઈ મનુભાઈ મોહનીયા સાથે સમાજના રીતરિવાજ મુજબ થયા હતા. સુનીતાબેનને સાસરીમાં તેના પતિ મુકેશભાઈ મોહનીયા, સાસુ જેતાબેન મનુભાઈ મોહનીયા તથા સસરા મનુભાઈ લાલચંદભાઈ મોહનીયા એમ ત્રણે જણાએ શારીરીક અને માનસીક ત્રાસ આપી સુનીતાબેનને મરવા માટે મજબુર કરી સુનીતાબેને પોતાની સાસરીમાં જ લાકડાના સરા સાથે દોરડું બાંધી દોરડા વડે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

આ સંબંધે મરણ જનાર સુનીતાબેનના પિતા અભલોડ ગામના મનસીંગભાઈ માનસીંગભાઈ ભુરીયાએ નોંધાવેલ ફરિયાદને આધારે ગરબાડા પોલીસે મરણ જનાર સુનીતાબેનના પતિ મુકેશભાઈ મનુભાઈ મોહનીયા, સાસુ જેમાબેન મનુભાઈ મોહનીયા તથા સસરા મનુભાઈ લાલચંદાઈ મોહનીયા વિરૂદ્ધ ઈપિકો કલમ ૩૦૬, ૪૯૮(ક), ૧૧૪ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ફતેપુરા તાલુકાના કુંડલાના ૨૪ વર્ષીય યુવાનને માર મારી મોતને ઘાટ ઉતારતા પાટડીયા ગામના ઈસમો

- મૃતક યુવાનના કબજાની મોટરસાયકલને ટક્કર મારી ભાગી છુટેલા ડાલા ચાલકનો પીછો કરતાં પાટડીયાના સંગાડા પરિવારે યુવાનને મોતને ઘાટ ઉતાર્યો.
- મૃતકના સ્વજનોએ લાશનું પી.એમ સુખસર સરકારી દવાખાનામાં નહીં કરાવતા લાશને દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે મોકલી પી.એમ કરવામાં આવશે.



ફતેપુરા,

ફતેપુરા તાલુકાના સુખસર વિસ્તારમાં દિન–પ્રતિદિન કેટલાક અસામાજીક તત્વો દ્વારા ચિત્ર વિચિત્ર ઘટનાને અંજામ આપવાના બનાવો વધી રહ્યા છે. એક અણ બનાવની શાહી જ્યાં સુકાતી નથી. ત્યાં જ બીજો બનાવ બની રહ્યો છે. તેવી જ રીતે ગતરોજ રાત્રીના કુંડલા ગામના યુવાનને પાટડીયા ગામે સામાન્ય બાબતે ગંભીર માર મારી જીવલેણ ઈજાઓ પહોંચાડતા યુવાનનું ઘટના સ્થળે જ અરેરાટી ભર્યું મોત નીપજવા પામેલ હોવાનું જાણવા મળે છે. મૃતકની લાશને સુખસર સરકારી દવાખાનામાં લાવવામાં આવી હતી, પરંતુ મૃતકના સ્વજનોએ લાશનું પી.એમ. દાહોદ કરાવવાનું હોવાનું જણાવી લાશ દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હોવાનું જાણવા મળે છે. જ્યારે આ ઘટનામાં સંડોવાયેલા આરોપીઓની વિરૂદ્ધમાં ગુનો દાખલ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

જાણવા મળેલી વિગતો મુજબ ફતેપુરા તાલુકાના કુંડલા ગામના ઉમરી માળ ફળિયામાં રહેતા પ્રવીણભાઈ વજેસીગભાઈ ડામોર બુધવાર રાત્રિના ૯ થી ૧૦ વાગ્યાના અરસામાં ઝાલોદ તરફથી પરત કુંડલા ગામે આવી રહ્યા હતા. તેવા સમયે વેલપુરા ગામે એક ડાલા ચાલકે પ્રવીણભાઈ ડામોરની મોટરસાયકલને ટક્કર મારી ભાગી છુટચો હતો.જેથી પ્રવીણભાઈ ડામોર તથા તેના મિત્ર દ્વારા આ ડાલાનો પીછો કર્યો હતો. ત્યારે આ ડાલા ચાલકે પોતાના કબજાના ડાલાને પાટડીયા ગામે લાવી ઉભું રાખ્યું હતું. ત્યાં ટક્કર મારી ભાગી છૂટવા બાબતે પ્રવીણભાઈ ડામોરે પૂછપરછ કરતા પાટડીયા ગામના સંગાડા પરિવારના લોકો એકદમ ઉશ્કેરાઈ જઈ પ્રવીણભાઈ ડામોરને ગંભીર મારમારી જીવલેણ ઈજાઓ પહોંચાડી સ્થળ ઉપર જ મોતની પીજાવ્યું હોવા બાબતે મૃતકના પરિવારજનો દ્વારા ચર્ચા થઈ રહી છે. મૃતકની લાશ સુખસર સરકારી દવાખાનામાં પી.એમ અર્થે લાવવામાં આવી હતી, પરંતુ મૃતકના સ્વજન હોય સુખસર સરકારી દવાખાનામાં પીએમ નહીં કરાવી દાહોદ જાહેરાત હોસ્પિટલમાં પીએમ કરાવવાનું જણાવતા લાશને દાહોદ ખાતે ખસેડવામાં આવી હોવાનું જાણવા મળે છે. તેમજ આ મારામારીમાં સંડોવાયેલા મનાતા આરોપીઓને સુખસર પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવ્યા છે. પરિવારજનોના જણાવ્યા મુજબ મૃતકને ગળામાં તથા માથામાં સુજન હોવાનું સ્પષ્ટ રીતે જોવાઈ રહ્યું છે.

અત્રે એ બાબત પણ નોંધનીય છે કે, મૃતક પ્રવીણભાઈ ડામોર સાથે ઘટેલી ઘટના જોનાર તેની સાથે તેનો મિત્ર પણ હતો. પરંતુ પ્રવીણભાઈને પાટડીયા ગામે મારામારી કરતા તેનો મિત્ર ભાગી છૂટ્યો હતો. જ્યારે પ્રવીણભાઈને આંતરિક ગંભીર ઈજાઓના કારણે મોત નીપજ્યું હોવાનું જણાવી રહ્યા છે. આ બાબતે મૃતક પ્રવીણભાઈના સ્વજનો સુખસર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપવા જતા પોલીસ દ્વારા પ્રવીણનું મોત મારથી નહીં પરંતુ અકસ્માતથી થયું હોવાનું જણાવતા મૃતકના સ્વજનોએ પોલીસ સ્ટેશનમાં હોબાળો મચાવ્યો હતો. જ્યારે ઘટના સ્થળના વિડીયો લેતા મૃતકના એક સ્વજન પાસેથી પોલીસે મોબાઈલ ઝૂંટવી લઈ વિડીયો ઉતારવા નહીં દીધો હોવાનું તેમના સ્વજનો જણાવી રહ્યા છે. આમ હત્યાના બનાવને અકસ્માત મોતમાં ખપાવવાની કોશિષ થતી હોવાનો શક રાખી મૃતકના સ્વજનોએ મૃતકની લાશને સુખસર સરકારી દવાખાનામાં પી.એમ. નહીં કરાવતા દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે પી.એમ. કરાવવાનું મુનાસીબ માન્યું હોવાનું મૃતકના સ્વજનો જણાવી રહ્યા છે.

વધુમાં જાણવા મળતી વિગતો મુજબ ડાલા ચાલક ઝાલોદ તાલુકાના રાયપુરા ગામનો વતની હોવાનું અને તેની સાસરી પાટડીયા ગામે હોય પત્ની સાથે દારૂ લઈ સાસરીમાં આવતા સમયે તેના કબજાના ડાલાથી મોટરસાયકલને ટક્કર વાગતા મોટરસાયકલ ચાલક પ્રવીણભાઈ ડામોરે મોટરસાયકલને ટક્કર મારી ભાગનાર કોણ? તેની તપાસ કરવા આ ડાલાનો પીછો કરતા પાટડીયા ગામે આવતા મારામારીનો ભોગ બનેલા પ્રવીણભાઈ ડામોર મોતને ભેટ્યા હોવાની ચર્ચા સાંભળવા મળી રહી છે. આ લખાય છે ત્યારે આરોપીઓની પૂછપરછ ચાલી રહી છે. તેમજ પોલીસ દ્વારા આ હત્યામાં સંડોવાયેલા આરોપીઓની સામે ગુનો દાખલ કરવાના ચક્રો ગતિમાન કરેલ હોવાનું જાણવા મળે છે.

# પાવાગઢમાં જતા માંઈ ભકતોની સમસ્યા કોણે ઉભી કરી ?

## દે.બારીયા શહેરના મુખ્ય માર્ગમાં પાણીની પાઈપ નાખનાર કોન્ટ્રાકટર અકસ્માત થશે ત્યારે જાગશે ???

દે.બારીયા,

દે.બારીયા નગર પાલિકાના પાણી પુરવઠા વિભાગના કોન્ટ્રાકટરે છેલ્લા એક માસના સમયથી નવી પાણીની મુખ્ય પાઈપ બીછાવવાનું કાર્ય નાઈટમાં હાથ ધરવામાં આવ્યું હતું. જે નવીન ટાંકીમાં પાણી ભરવા માટે નગર પાલિકાના વોટર્સ વર્કસ ઉપરથી પાણીની પાઈપ લાઈનનું બીછાવવાનું કાર્ય હાથ ધર્યુ હતું. ઠેરઠેર વાલ્વ તથા એરવાલ્વ માટે મસમોટા ખાડા ખોદી નાખ્યા છે. તેને એક માસ ઉપર થવા આવ્યો તેમ છતાં તેનું કાર્ય પૂર્ણ થયું નથી. આ મુખ્ય માર્ગ અને મકાન વિભાગનો હોય ત્યાંથી હજારો વાહનો આ રોડ ઉપરથી પસાર થતા હોય છે. જેમાં ખાસ કરીને પાવાગઢ જતા યાત્રાળુઓ પણ આજ રોડનો ઉપયોગ કરતા હોય છે. યાત્રાળુઓની રથ પણ મસમોટા અને ખાડા માંથી એકમાં ખાબકશે. ત્યારે કોન્ટ્રાકટરની આંખો ઉઘડશે તે મોટો પ્રશ્ન છે.

આ રોડ ઉપર ખોદી રાખેલા વાલ્વ માટેના ખાડાને વહેલીતકે પુરણ નહી કરાય તો કોઈ મોટી દુર્ઘટના થતા કોઈ રોકી શકે તો રોકી લો નહીં તો પસ્તાવો થશે. પાવાગઢના માંઈકાલીકાના ભકતોની સમસ્યા હલ કરાશે ખરી કે યાત્રાળુ અથવા રથ લઈને જતા કોઈપણ યાત્રાળુ આ મસમોટા ખાડાઓ ખાબકશે. ત્યારે નગરપાલિકાનું તંત્ર જાગશે કે શું ? તે યત્ર પ્રશ્ન છે. આ કાર્ય કરનાર કોન્ટ્રાકટર સમય મર્યાદામાં અને ટેન્ડરની શરતો અનુસાર કાર્યને પૂર્ણ કરવા માટે બંધાયેલો હોય છે. કોઈ તો લાગતા વળગતા ચીફ ઓફિસર ખોદેલા ખાડા અને રોડ ઉપર ઉબડ ખાબડ માટીના ઢગને સરખા કરવા માટે સલાહ સમજ આપશે ? તેવી આમ જનતા તથા વાહન ચાલકોની માંગ ઉઠવા પામી છે.

# વોટ્સએપ પર સમન્સ મોકલતી દિલ્હી પોલીસનો કોર્ટે લીધો ઉધડો, કહ્યું - થોડુંક તો કષ્ટ સહન કરો!

નવીદિલ્હી,

દિલ્હીની એક કોર્ટે વોટ્સએપ દ્વારા સરકારી સાક્ષીઓને સમન્સ મોકલવા બદલ પોલીસની ટીકા કરી હતી અને યોગ્ય કાર્યવાહી માટે આ મામલો નાયબ પોલીસ કમિશનરને મોકલ્યો હતો. પંજાબી બાગ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા હત્યાના કેસની અધ્યક્ષતા એડિશનલ સેશન્સ જજ હેમરાજ કરી રહ્યા છે જેમાં ફરિયાદ પક્ષે પુરાવા રજૂ કરવાના છે.

ન્યાયાધીશે નોંધ્યું હતું કે ફરિયાદ પક્ષનો એક સાક્ષી ગેરહાજર હતો અને તેણે વારંવાર ફોન કરવા છતાં જવાબ આપ્યો ન હતો. તેમણે કહ્યું કે દિલ્હી પોલીસ કમિશનરે ગયા વર્ષે ફેબ્રુઆરીમાં સાક્ષીઓને બોલાવવા અંગેનો આદેશ પસાર કર્યો હતો. કોર્ટે અન્ય એક મામલામાં એ પણ કહ્યું કે ડીસીપી તરફથી એક પત્ર મળ્યો છે જેમાં કહેવામાં આવ્યું છે કે દિલ્હી પોલીસને વોટ્સએપ દ્વારા સમન્સ મોકલવા માટે કોઈ પરિપત્ર જારી કરવામાં આવ્યો નથી.

જસ્ટિસ હેમરાજે કહ્યું, 'અગાઉ પણ આ કોર્ટે ઘણા મામલાઓમાં નોંધ્યું છે કે પોલીસ અધિકારીઓ વોટ્સએપ પર સાક્ષીઓને સમન્સ મોકલી રહ્યા છે.' તેમણે વધુમાં જણાવતા કહ્યું, 'તેઓ સાક્ષીઓના ઘરે જવાની તકલીફ નથી ઉઠાવી રહ્યા જે તેઓએ કરવું જોઈએ. પોલીસ અધિકારીઓએ એક વખત પણ સાક્ષીના ઘરે જવાનો પ્રયાસ કર્યો ન હતો, જ્યારે તેઓએ ઓછામાં ઓછા ત્રણ વખત સાક્ષીના ઘરે જવું જોઈતું હતું.'

# પસંદગીના નંબરો મેળવવા વાહન માલિક જોગ

દાહોદ,

મોટર સાયકલના ગોલ્ડન, સિલ્વર નંબરોની નવી સીરીઝ GJ-20-BE તથા જુની સિરીઝ થતાં મોટર કારની જુની સિરીઝ GJ-20-CA નું re-auction શરૂ કરવામાં આવનાર છે. ઓનલાઈન હરાજીનો મહત્તમ લાભ લેવા જણાવવામાં આવે છે. જેમાં ઓનલાઈન અરજી કરવાની તારીખ ૦૮/૦૬/૨૦૨૩ સમય ૦૪–૦૦ કલાક સુધી, ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૧૦/૦૬/૨૦૨૩ સમય ૦૩–૫૯ સુધી, ઈઓકશન શરૂ તારીખ ૧૦/૦૬/૨૦૨૩ સમય ૦૪–૦૦ કલાક સુધી, અને ઈ–ઓકશન સમાપ્ત તારીખ ૧૨/૦૬/૨૦૨૩ સમય ૦૪–૦૦ કલાક સુધી રહેશે.

પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા માલિકોએ તેમના વાહનોનું રજીસ્ટ્રેશન કરાવીને પસંદગીના નંબર મેળવવા માટે http://parivahan.gov.in/ fancy પર નોંધણી યુઝર આઇ.ડી અને પાસવર્ડ મેળવી હરાજીમાં ભાગ લેવાનો રહેશે.

પસંદગીનો નંબર મેળવવા માટેની વધુ જાણકારી માટે સહાયક પ્રાદેશિક વાહન–વ્યવહાર અધિકારીની કચેરી–દાહોદ ખાતે સંપર્ક કરવાનો રહેશે.

# ૨ જુને દિવ્યાંગ-પ્રજ્ઞાચક્ષું ખેલાડીઓનો રાજયકક્ષાનો ચેસ ટુર્નામેન્ટ યોજાશે

દાહોદ,

નેશનલ એસોસિએશન ફોર ધી બ્લાઈન્ડ અને બ્લાઈન્ડર વેલ્ફેર ફાઉડેશન સંસ્થા દિવ્યાંગ વ્યક્તિઓના શિક્ષણ, પુર્નવસન સંસ્થાના સહયોગથી ટુનામેન્ટનું આયોજન તા.૨/૬/૨૦૨૩ના રોજ સવારના ૧૦–૦૦ કલાકે કોન્ફોરન્સ હોલ–બ્લાઈન્ડ વેલ્ફેર કાઉન્સિલ પંચમુખી હનુમાન મંદિર સામે મંડાવ રોડ દાહોદ ખાતે કરાયુ છે. આ અવસરે કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને રાજ્ય સરકારના પંચાયત અને કૃષિ વિભાગના મંત્રી બચુભાઈ ખાબડ, ઉપસ્થિત રહેશે ઉપરાંત ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી, જીલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌત્તમ, હાજર રહેશે. એમ બ્લાઈન્ડ વેલ્ફેર કાઉન્સિલ દાહોદની એક યાદીમાં જણાવ્યું છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.240

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## શહેરાના ધાયકા પ્રા.શાળાના શિક્ષકે

# દ્વિતિય ઉચ્ચત્તર પગાર ધોરણની દરખાસ્તમાં ખોટું CCC પ્રમાણપત્ર રજુ કરતાં ફરિયાદ

શહેરા,
પંચમહાલ જિલ્લા શિક્ષણ સમિતિ હસ્તકની આવેલી શહેરા તાલુકાની ધાયકા પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકે ખોટું સીસીસીનું પ્રમાણપત્ર બનાવીને છેતરપિંડી કરતા શહેરા પોલીસ મથકે શહેરા તાલુકાના શિક્ષણાધિકારી ફરિયાદ દાખલ કરાવતા શિક્ષણ વિભાગમાં હડકંપ મચી જવા પામ્યો હતો. શહેરા તાલુકાની ધાયકા પ્રાથમિક શાળાના શિક્ષક સામે બનાવટી પ્રમાણપત્રો રજૂ કરવા બાબતે દાખલ કરવામાં આવી હતી. ધાયકા પ્રાથમિક શાળાના શિક્ષક પ્રધ્યુમનસિંહ ચૌહાણ દ્વારા પોતાની દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણની દરખાસ્તમાં સી.સી.સી.નું બનાવટી પ્રમાણપત્ર રજુ કર્યું હોવાનું સામે આવતા શહેરાના તાલુકા શિક્ષણાધિકારી દ્વારા શહેરા પોલીસ મથકે શિક્ષક સામે આઈપિસી ૪૬૮, ૪૭૧ હેઠળ ફરિયાદ દાખલ કરાવી હતી. આ બનાવ સંદર્ભમાં શહેરા તાલુકાના શિક્ષણ અધિકારી તરીકે ફરજ બજાવતા કૃણાલકુમાર એસ. હઠીલાએ પોતાની પોલીસ ફરિયાદમાં જણાવેલ કે, પંચમહાલ જિલ્લા શિક્ષણ સમિતિ હસ્તકની શહેરા તાલુકાની ધાયકા પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષક ચૌહાણ પ્રધ્યુમનસિંહ પર્વતસિંહએ પોતાના દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણની દરખાસ્ત માટે સીસીસીનું ખોટું પ્રમાણપત્ર બનાવી અને તે ખોટું અને બનાવટી હોવાનું જાણવા છતાં


તસ્વીર : તુષાર દરજી, શહેરા

તેનો સાચા તરીકે ઉપયોગ કરીને સરકાર સાથે છેતરપિંડી ભર્યું કૃત્ય કરી અને કચેરીને ગેરમાર્ગે દોરીને ગુનો કર્યો હતો. ચૌહાણ પ્રધ્યુમનસિંહ પર્વતસિંહ શહેરા તાલુકાના ધાયકા પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે અને તેમના દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણની દરખાસ્ત માટે નિયામક કચેરી પગાર ચકાસણી એકમ ગાંધીનગર ખાતે મોકલી હતી. સદર દરખાસ્તની ચકાસણી નિયામક કચેરી દ્વારા પ્રધ્યુમનસિંહની સીસીસીનું પ્રમાણપત્ર ગુજરાત કાઉન્સિલિંગ ઓફ વોકેશનલ ટ્રેનિંગની વેબસાઈટ ઉપર ઓનલાઈન પ્રાથમિક ચકાસણી કરતા આ પ્રમાણપત્ર જોવા મળ્યું ન હતું. જેથી સંયુક્ત નિયામક પગાર ચકાસણી એકમ ગાંધીનગર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, પ્રધ્યુમનસિંહનું ગુજરાત કાઉન્સિલિંગ ઓફ વોકેશનલ ટ્રેનિંગનું સીસીસીનું પ્રમાણપત્રની ખરાઈ કરતા પ્રમાણપત્ર ખોટું અને બનાવટી છે. તેવું બહાર આવતા શહેરા તાલુકાના શિક્ષણ અધિકારીએ ચૌહાણ પ્રધ્યુમનસિંહ પર્વતસિંહ વિરૂદ્ધ શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.સદર બનાવ સંદર્ભમાં શહેરા તાલુકાના શિક્ષણ અધિકારી કૃણાલ કુમાર.એસ. હઠીલાએ જણાવ્યું હતું. કે, પંચમહાલ જિલ્લા શિક્ષણ સમિતિ હસ્તકની શહેરા તાલુકાના ધાયકા પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા પ્રધ્યુમનસિંહ પર્વતસિંહ ચૌહાણની ઉચ્ચતર પગાર ધોરણની દરખાસ્ત મોકલતા તેમનું સીસીસીનું પ્રમાણપત્ર ખોટું અને બનાવટી નીકળેલ. જે અંતર્ગત જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા પોલીસ ફરિયાદ અને રિકવરી બાબતે હુકમ કરવામાં આવ્યો હતો. ત્યારે જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા શિક્ષક પ્રધ્યુમનસિંહ ચૌહાણ ઉપર ફરિયાદ દાખલ કરવામાં આવતા શિક્ષણ આલમમાં હડકંપ મચી જવા પામી હતી.

> શહેરા તાલુકા ધાયકા પ્રા.શાળા શિક્ષકે દ્વિતિય ઉચ્ચત્તર પગાર ધોરણ માટેની દરખાસ્તમાં સી.સી.સી.નું ખોટું પ્રમાણપત્ર બનાવી સાચા તરીકે ઉપયોગ કરી છેતરપિંડી કરતાં આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી. પ્રાપ્ત વિગતો મુજબ શહેરા તાલુકાના ધાયકા પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા ચૌહાણ પ્રધ્યુમનસિંહ પર્વતસિંહ (રહે. રતનપુર,કાંટડી) એ તેઓની દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણની દરખાસ્તમાં સી.સી.સી.પ્રમાણપત્ર ખોટું બનાવી અને બનાવટી હોવા છતાં સાચા તરીકે ઉપયોગ કરી સરકાર સાથે છેતરપિડી કર્તા કરી કચેરીને ગેરમાર્ગે દોડી ગુન્હો કરતાં આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

> ચકાસણી નિયામક કચેરી દ્વારા ગુજરાત કાઉન્સિલીંગ ઓફ વોકેશનલ ટ્રેનિંગની વેબસાઈટ ઉપર ઓનલાઈન જોતા પ્રધ્યુમનસિંહનું સીસીસીનું પ્રમાણપત્ર મળી આવ્યું ન હતું. જેથી સંયુક્ત પગાર ચકાસણી એકમ ગાંધીનગર દ્વારા ગુજરાત કાઉન્સિલીંગ ઓફ વોકેશનલ ટ્રેનિંગનું સીસીસીનું પ્રમાણપત્ર ખોટું અને બનાવટી હોવાનું બહાર આવ્યું.

## શહેરાના મિઠાલી ગામે તળાવ માંથી હિટાચી મશીનથી કઢાતી માટીનું કામ તલાટીએ બંધ કરાવ્યું



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરા તાલુકાના મિઠાલી ગામના તળાવમાંથી ગુરૂવારના રોજ હિટાચી મશીન દ્વારા માટી કાઢીને હાઈવા જેવા વાહનો ભરવામાં આવી રહી હતી.ગ્રામ પંચાયત કચેરીના તલાટી કમ મંત્રી જે.એલ.કિશોરી પોતાની કાર લઈને તળાવ ખાતે પહોંચી જઈને હિટાચી મશીનથી માટી કાઢવાની કામગીરીને બંધ કરાવી હતી. તલાટી કમ મંત્રીએ તળાવ ખાતે ગેરકાયદે માટી ખનન થતુ હતુ કે શું ? કયા કારણથી તેઓએ તળાવ માંથી માટી કાઢવાની કામગીરી બંધ કરાવી તે તો ઉચ્ચ અધિકારીઓ દ્વારા અહીં તપાસ કરવામાં આવે તો ખબર પડી શકે તેમ છે. જયારે તલાટી જે.એલ.કિશોરીને આ બાબતે પૂછતા તેઓ જણાવી રહ્યા હતા કે તળાવમાં ચાલી રહેલ માટી કાઢવાની કામગીરી મેં બંધ કરાવી છેતો મારી બદલી થઈ જશે મને ખબર છે પણ તેઓએ કયા કારણથી તળાવમાં ચાલી રહેલ કામગીરી બંધ કરાવી છે, તે જણાવ્યું ન હતું. મિઠાલી ગામના મુખ્ય તળાવમાં જે રીતે માટી ખનન કરવામાં આવયું હોય ત્યારે ખાણ ખનીજ વિભાગ અને સંબંધિત તંત્રના ઉચ્ચ અધિકારીઓ દ્વારા આ બાબતને ગંભીરતાથી લઈને અહીં તપાસ કરવામાં આવે તે પણ અત્યંત જરૂરી લાગી રહ્યુ છે. ઉલ્લેખનીય છેકે, આ ગામની બાજુમાં આવેલ ખાંડિયા ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલ તળાવમાં આ જ રીતે થોડા મહિનાઓ પહેલા માટી કાઢવામાં આવી રહી હતી. ત્યારબાદ વિધાનસભા ગૃહના ઉપાદયક્ષ દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરીને તપાસ કરવામાં આવતા મસમોટું માટી કૌભાંડ બહાર આવ્યું હતું. મીઠાલી ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી દ્વારા તળાવમાં માટી કાઢવાની કામગીરી બંધ કરવામાં આવી હોય ત્યારે તલાટી કમ મંત્રી પૂછપરછ કરવામાં આવે જેથી ખરી હકીકત શું છે એ પણ બહાર આવી શકે તો નવાઈ નહી.

## સાતમણાગ્રામ પંચાયતના સીમનાં એક બાજરીના ખેતર માંથી અજાણ્યા યુવકનો શંકાસ્પદ મૃતદેહ મળી આવતાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો



કાલોલ,
કાલોલ તાલુકાના સાતમના ગ્રામ પંચાયતના હદ વિસ્તારમાં આવેલ કરણમુવાડા પાસેની સીમમાં આવેલ એક બાજરીના ખેતરમાં એક અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવતાં પોલીસ સહિત આસપાસનાં લોકો ઘટનાં સ્થળ પર દોડ્યાં.

કાલોલ તાલુકાનાં સાતમાગ્રામ પંચાયત ના કરણમુવાડા પાસેની સીમમાં આવેલ એક ખેડૂતનાં ખેતરમાં પાસેના કરણમુવાડા ગામની એક પશુપાલક મહિલા સીમાળાના ખેતરે ઘાસ ચારો લેવાં માટે ગુરૂવારના રોજ સવારે ગઈ હતી. સાતમણાગામના કરણમુવાળા પાસેની સીમમાં સાતમના ગામનાં જ એક ખેડૂતના ખેતરમાં ઊભેલા બાજરીના ખેતરમાં ચારો લેવાં ગયેલ મહિલાએ મૃતદેહ જોતા ગભરામણમાં આવેલ મહિલાએ આસપાસના લોકોને જાણ કરી ખેતરમાલિક પણ જાણ કરી હતી. સાતમના ગામનાં ખેડુતએ કાલોલ પોલીસને જાણ કરતાં કાલોલ પો.સા.ઈ જે.ડી.તરાલ પોલીસ ટીમ સાથે ઘટનાં સ્થળે પહોચતા આસપાસના લોકો પણ દોડી આવ્યા હતાં. બાજરીના ખેતરમાં પડેલ મૃતદેહ ની ઓળખમાટે પોલીસે આસપાસનાં દોડી આવેલ લોકો દ્વારા જાણકારી મેળવતાં કોઈ ઓળખ સામે આવી ન હોવાને કારણે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. કાલોલ પોલીસ સહિત હાલોલ સી.પી.આઈ. પણ ઘટનાં સ્થળે દોડી આવ્યા હતાં. કાલોલ પો.સા.ઈ.જે.ડી.તરાલએ બાજરીના ખેતરમાં પડેલ મૃતદેહની કડીયોમાં પગેરૂ શોધવામાં આસપાસના ખેતરમાં કામ કરતાં અને અજાણ્યા વ્યકિતનો શંકાસ્પદ મૃતદેહ હોવાનું જણાતાં વધુ તપાસના ચક્રોગતિમાન કર્યા હતાં. બાજરીના ખેતરમાં પડેલ મૃતદેહની શંકા કુશકાને લઈ પોલીસ ચારોકોર તપાસ હાથ ધરી નજીકમાં શંકાસ્પદ ચાલતી દારૂની ભઠ્ઠીઓ અને કામકરતા ખેડૂતોની અને આસપાસનાં પરપ્રાંતીય શ્રમિકોની પણ તપાસ હાથ ધરી ગુનેગારોને શોધવા પોલીસે ચક્રોગતિમાન કર્યા છે. લાંબા સમય સુધી કોઈ વાલીવારસન મળી આવતાં દુર્ગંધ મારતાં મૃતદેહની કોલ્ડ સ્ટોરેજમાં મોકલવા માટે પોલીસે ઘટતી કામગીરી હાથ ધરી છે.

## ગોધરા તાલુકા APMCની ખેડુત વિભાગની ચૂંટણીમાં ભાજપ સર્મપિત પેનલના ૧૦ ઉમેદવારોના ભવ્ય વિજય



ગોધરા,
ગોધરા તાલુકા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ખેડુત વિભાગની ગતરોજ યોજાયેલ મતદાર બાદ ગણતરી હાથ ધરાતા ભાજપ સર્મપિત પેનલના ૧૦ ઉમેદવારોના ભવ્ય વિજય થયો.

ગોધરા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ચુંટણીઓ યોજાઈ હતી. આ ચુંટણીમાં વેપારી વિભાગ અને સહકારી વિભાગની ૬ બેઠકો ઉપર ભાજપ સર્મપિત પેનલ બિનહરીફ થઈ હતી. જયારે ખેડુત વિભાગની ૧૦ બેઠકો માટે ૩૧ મે નારોજ ઉમેદવારો મેદાનમાં હતા. તેમાં ૧૦ બીજેપીના અને ૫ ઉમેદવારો અપક્ષમાં ઉમેદવારી ૩૧ મે નારોજ યોજાયેલ મતદાન બાદ મત ગણતરી હાથ ધરાતા બીજેપીના ૧૦ ઉમેદવારોને ૨૦૦ કરતા વધારે મત મેળવી વિજય થયા હતા. બીજેપી સર્મપિત પેનલનો ભવ્ય વિજય થતાં ડી.જે.ના તાલે ઝુમી ઉઠયા હતા. ધારાસભ્ય સી.કે.રાઉલજી દ્વારા વિજેતાઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

### ઉમેદવારો અને મેળવેલ મત

પટેલ ધીરેન નીતિનભાઈ - ૨૨૧
પરમાર રયજી લક્ષ્મણભાઈ - ૨૨૦
ઠાકોર કિરીટસિંહ સોમસિંહ - ૨૧૯
ચાવડા પુષ્પરાજસિંહ ખુમાનસિંહ- ૨૧૬
સોલંકી સામતસિંહ સાલમસિંહ - ૨૧૪
પટેલ હિતેન્દ્રસિંહ પૃથ્વીસિંહ - ૨૧૨
રાઉલજી અનોપસિંહ દલપતસિંહ - ૨૧૧
રાઉલજી પ્રવિણસિંહ સોમસિંહ - ૨૧૧
પરમાર કનકસિંહ પ્રભાતસિંહ - ૨૦૯
બારીયા કિરણસિંહ રતનસિંહ - ૨૦૧

## પાવાગઢ દર્શનાર્થે આવેલા યાત્રાળુઓની ગાડી પલટતા ૧૦ યાત્રાળુ ઈજાગ્રસ્ત



પાવાગઢ,
સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે દર્શન કરવા આવેલા માઈ ભક્તોની બોલેરો પીકપ પલટી ખાઈ જતા દસેક જેટલા શ્રદ્ધાળુ ભક્તોને ઈજાઓ પહોંચી છે. તમામને ૧૦૮ એમ્બ્યુલન્સ તથા ખાનગી વાહનોમાં હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લાવવામાં આવ્યા હતા. છોટાઉદેપુર જીલ્લાના કવાંટથી બોલેરો પીકપ લઈને કેટલાક શ્રદ્ધાળુ ભક્તો પાવાગઢ મહાકાળી માતાજીના દર્શને આવ્યા હતા. શ્રદ્ધાળુ ભક્તો સાથેની પીકપ ગાડી પાવાગઢ તળેટીથી માચી જઈ રહી હતી. તે દરમિયાન વળાંક ઉપર ડ્રાઈવરે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતા ગાડી ડિવાઈડર સાથે ટકરાતા પલટી ખાઈ ગઈ હતી. દર્શનાર્થી ભક્તોથી ભરેલી ગાડી પલટી ખાઈ જતા યાત્રાળુઓ રોડ પર ફંગોળાયા હતા. ૧૦ જેટલા યાત્રાળુઓને નાની-મોટી ઈજાઓ તથા તેઓને ૧૦૮ તથા ખાનગી જીપો દ્વારા હાલોલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર અર્થે લાવવામાં આવ્યા હતા. જ્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ તમામને રજા આપી દેવામાં આવી હતી.




નેહરૂ યુવા કેન્દ્ર ગોધરા અને સરકારી પોલીટેકનિક ગોધરા ના રાષ્ટ્રીય સેવા યોજના સંયુક્ત ઉપક્રમે મિશન લાઈફ અભિયાન અંતર્ગત Lifestyle For Environment વિષયને લઈને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો. તેમાં પ્રથમ અને દ્વિતીય આવનાર ને ટ્રોફી અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા તેમજ બધા ભાગ લેનારને પ્રમાણપત્ર આપવામાં આવ્યા. આ કાર્યક્રમમાં સરકારી પોલીટેકનિક કોલેજના આચાર્ય જે.વી. ભોલંદા, NSS પ્રોગ્રામ ઓફિસર ધવલભાઈ વઢેરા, એસ.એમ. ગાંધી, એલ.જે. પડવાલ, સંજયભાઈ રાઠવા, આશિષભાઈ પંડિત ઉપસ્થિત રહ્યાં. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન નેહરૂ યુવા કેન્દ્ર ગોધરાના રાષ્ટ્રીય યુવા સેવાકર્મી વ્રજ શાહ દ્વારા કરવામાં આવેલ.

## ગોધરા તાલુકાના રામપુરા ગૃપ ગ્રામ પંચાયતમાં મનરેગા યોજનાના કામોમાં મશીનથી થતા કામો



ગોધરા,
ગોધરા તાલુકાના રામપુરા ગૃપ ગ્રામ પંચાયતમાં છેલ્લા ઘણાં સમયથી મનરેગા યોજનાના કામોમાં જોબકાર્ડ ધારક શ્રમજીવીઓને રોજગારી પુરી પાડવાની જગ્યાએ મશીનો દ્વારા કામ કરી સરકારનો રોજગારી ઉભી કરવાનો ઉમદા હેતુ ઉપર પાણી ફેરવવામાં આવી રહ્યું છે.

ગોધરા તાલુકાના રામપુર ગૃપ ગ્રામ પંચાયત વિસ્તારના શિવપુરી સહિતના ગામોમાં વિકાસલક્ષી કામોમાં રાજકીય વ્યકિતઓ તેમજ અધિકારીઓના મેળાપીપણામાં સરકારી યોજનાના નાણાંનો વેડફાઈ રહ્યા છે. રામપુર ગૃપ પંચાયત દ્વારા રસ્તાના વેપર બ્લોક કામોની વહીવટી મંજુરી મળે તે પહેલા કાગળ ઉપર પૂર્ણ કરી દેવાય છે. મનરેગા યોજના અંતર્ગત કામોમાં જોબકાર્ડ ધારક શ્રમજીવીઓને ઘર આંગણે રોજગારી પુરી પાડવાના હેતુ હોય પરંતુ રામપુર પંચાયત દ્વારા મનરેગા યોજના અંતર્ગતના વિકાસના કામો જોવાં કે, પાણીની સુવિધા માટે કુવાના કામો, માટી મેટલના રસ્તાના કામોમાં જોબકાર્ડ ધારદ્ય શ્રમજીવીઓને રોજગારી પુરી પાડવાના સ્થાને આવા કામોમાં કોન્ટ્રાકટરો દ્વારા કરાવી મશીનનો ઉપયોગ કરાઈ રહ્યો છે. આંમ, ગ્રામ પંચાયત વિસ્તારોમાં મનરેગા યોજનામાં જોબકાર્ડધારક શ્રમજીવીઓને રોજગારી પુરી પાડવાની યોજનાનો ફિયાસ્કો જોવા મળી રહ્યો છે. અનેકવાર મનરેગા યોજનાના કામો જોબકાર્ડ ધારકોને રોજગારી નહિ ફાળવી મશીન દ્વારા કામો કરવા અંગે રજુઆત કરવા છતાં પણ કોઈ કાર્યવાહી થઈ નથી.

## ચેક રિટર્ન થવાના કેસમાં પતિ અને પત્ની આરોપીને એક વર્ષની જેલની સજા અને રૂપિયા બે લાખ ફરિયાદીને વળતર ચૂકવવાનો હુકમ કરતી અદાલત

ગોધરા,
રોજ બરોજના નાણાકીય વ્યવહારોમાં સમાજમાં ચેકની વીસવશનીયતા માં લોકોને ભરોશો રહે તે માટે કોર્ટો દ્વારા પણ ચેક રિટર્ન થવાના કેસોમાં ગુનેગારો સામે લાલ આંખ કરવામાં આવી રહેલી છે. ગોધરા કોર્ટ દ્વારા ચેક રિટર્નના કેસોના ગુનેગારોમાં દાખલો બેસે તેવો મહત્વનો હુકમ કરવામાં આવેલ છે. વિગતવાર મળેલી માહિતી મુજબ ફરિયાદી ગોધરા ના પરાગ ગોવિંદલાલ શાહ રહેવાસી ગોધરા પાસેથી આરોપી ઓ પતિ અને પત્ની બંને શકુંતલાબેન મહેંદ્રભાઈ પંડ્યા અને મહેંદ્ર ગંગારામ પંડ્યા રહેવાસી બહાર પૂરા ગોધરાના એમ બન્ને આરોપીઓએ બે-બે લાખ હાથ ઉછીના લીધા હતા. તે રકમની ફરિયાદીએ ઉઘરાણી કરતા તે રકમની પરત ચુકવણી પેટે આરોપીઓએ ફરિયાદીને પોતાની કેનેરા બેન્ક અને બેંક ઓફ ઈન્ડિયા બેંક ગોધરા શાખાના રૂપિયા બે-બે લાખના ચેકો લખી આપેલ હતા, પરંતુ તે બન્ને ચેકો ફરિયાદીએ પોતાની બેંક મારફતે કિલયરિંગમાં મોકલતા બેલેન્સ ન હોવાના કારણસર ચેક પરત કરેલ. તેથી કાયદેસરની નોટિસ આપવા છતાં આરોપીએ ફરિયાદીને ચેકની રકમ ચુકેવેલી નહિ . તેથી ફરિયાદીએ ગોધરા કોર્ટમાં ચેક રિટર્ન ગુનાની ફરિયાદ દાખલ કરી હતી. આ કેસો ગોધરા કોર્ટમાં ચાલી જતા કોર્ટમાં રજુ થયેલ પુરાવાઓને ધ્યાનમાં લઈને ગોધરાના ત્રીજા ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ જજ ધીરજકુમાર બી. રાજન એ બંને આરોપીઓ શકુંતલાબેન અને મહેંદ્રને ચેક રિટર્ન થવાના ગુનામાં કસુરવાન ઠરાવીને આરોપીઓને એક એક વર્ષ કેદની સજા ભોગવવાનું અને ફરિયાદીને રૂપિયા બે-બે લાખ વળતર અને જો વળતર રકમ ન ભરે તો વધુ ત્રણ મહિનાની સજાનો દાખલો બેસાડતો હુકમ કરેલ છે.